પીર કેવો જોઇએ ?

રચનાર
એદલજી ધનજી કાબા
અમરેલી
(કાઠીઆવાડ.)

કીમત ચાર આના.

ઇ. સ.
૧૯૨૦

આવૃત્તી
ત્રીજી.



પીર કેવો જોઇએ ?

રચનાર
એદલજી ધનજી કાબા
અમરેલી
(કાઠીઆવાડ.)

કીમત ચાર આના.



ઇ. સ. ૧૯૨૦

આવૃત્તી ત્રીજી.

પીર કેવો જોઈએ?

રચનાર
એદલજી ધનજી કામા
અમરેલી
(કાઠીઆવાડ.)

કીમત ચાર આના

ઈ. સ. ૧૯૨૦



આવૃતી ત્રીજી

પ્રસ્તાવના

"પીર કેવા જોઇએ ?" નામનો લેખ પ્રથમ અમારા તરફથી ચાર વર્ષ થયા ઇસ્લામીઓની દીની તથા દુનિયવી ઉન્નતિ અર્થે બહાર પડતા માસિક "નુરેહીદાયત" માં પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ કેટલાક ઉમેરા સાથે તે "ઇમામ કેવા જોઇએ ?" નામક પુસ્તકમાં તેની જુદી જુદી છપાયલી બંને આવૃતિઓમાં પણ દાખલ થવા પામ્યો છે. "ઇમામ કેવા જોઇએ ?" ની બીજી આવૃતિની સઘળી પ્રતો ખલાસ થઇ ત્યારે અમોને એમ મુનાસબ લાગ્યું કે હવે "પીર કેવા જોઇએ ?" ના લેખને "ઇમામ કેવા જોઇએ ?" નામક રીસાલામાં દાખલ નહિ કરતાં, તેને પણ એક ઇલાહેદા રીસાલા રૂપેજ બહાર પાડવો. કે જેથી બંને પ્રકારના દાવા વિષેની દલીલોના ગુણદોષપર વિચાર ચલાવવાને પબ્લીકને વિશેષ અનુકુળતા થાય, તેથી "ઇમામ કેવા જોઇએ ?" તથા "પીર કેવા જોઇએ ?" એમ બંને રીસાલા જુદા જુદા છપાવવા તજવીજ કરવામાં આવી છે.

આવા પ્રકારના મીશનરી પુસ્તકોના ફેલાવાની પુરેપુરી આવશ્યકતા કોમ સન્મુખ ખડી થઇ છે, કેમકે કોમ ખરા ખુદા, ખરા ઇમામ, ખરા પીર તથા ખરા ઉપદેશકની પરખ કરવામાં ઘણું બાઇ ગયેલી હોવાથી, તે પોતાના તન મન ધનના ઉંડા

ગુમાવતી રહે છે. જ્યાં સુધી ઇસલામીઓ લઇભાગુ પીરોના પંજાથી પોતાનો છુટકારો નહિ હાંસલ કરે ત્યાં સુધી તેમની દીની કે દુનિયવી ઉન્નતિ થવી દુર્લભ છે; કારણ કે સ્વાર્થી પીરો પોતાના સ્વાર્થને ખાતર પોતાના ભોળા તથા અંધ શ્રદ્ધાળુ મુરીદોને દીની કે દુનિયવી સાચી સમજ આપવા ચાહતા નથી: કેમકે જો તેમ કરે તો મુરીદો ચેતી જઇ તેમનાથી છુટ્ટી જાય અને પીરો હાથ ઘસતા રહી જાય. માટે પીરો એમજ ચાહે છે કે જેમ બને તેમ મુરીદોને આંધળાજ રાખવા કે જેથી પોતાના હલવો માંડો કાયમ ચાલુ રહે. એવું પણ જોવામાં આવ્યું છે કે કોઇ મુરીદ તપાસ કરવા કે પ્રોટેસ્ટ કરવા પ્રયત્ન કરે છે તો પીર તેને કાફર, મુરતદ, બેદીન, ફરી ગએલો, રાની ગએલો વીગેરે ઉપનામો આપી એવો તો ફજેત કરે છે કે જેથી તે બાપડો પોતે સંસારિક અગવડોમાં અટવાઇ જઇ હીમ્મત હારી પોતાનો હાથ ધરેલો પ્રયાસ તજી આપે છે. અને બીજા મુરીદો પણ તેની આવો વસેથી તેને ખરાબ તથા બદનામ કરવા ઉતરી પડે છે. તો આવા સંજોગો વચ્ચે આવા રીસાલા છુટથી ઇસલામી પબ્લીકમાં ફેલાવવા જોઇએ કે જેથી લોકો ખરા ખોટા પીરની પરખ કરતા થાય.

જે લોકો જગતના ધાર્મિક સુધારાના ઇતિહાસથી જાણીતા છે તે સારી પેઠે જાણે છે કે, દરેક સમયમાં ધારમિક ધુતારાઓ પોતાની ધુર્તતાની જાળ પાથરતા આવ્યા છે અને તેથી

લાખો કરોડો લોકોના તન મન ધન લુંટાતાં રહ્યાં છે પરંતુ સાથેજ તેવા શીકારીઓની કપટજાળને તોડનારા તથા કપટજાળની બીગતથી પક્ષીકને આગાહી કરી આપનારા પણ ઉભા થતાજ રહ્યા છે તેવા લોકોના કારણે વારંવાર શીકારીઓ નાસીપાસ થયા છે અને ભોળા વર્ગને છુટકારાનો દમ ખેંચવાને અવકાશ મળ્યો છે.

સાથે ભુલી નહિ જવું જોઈએ કે તેવા ઢોંગી, આચાર્યોની કપટજાળ તોડવાને લાખો લોકોએ કરોડો રૂપીઆના ખર્ચે મહાન ભગીરથ પ્રયાસો કરેલા છે. લાખો કરોડો પુસ્તકો લખાઇ મફત વહેંચાયા છે અને જયારે તેવા પ્રયાસમાં સંતોષકારક પરિણામ લાવવા જેવું બળ ઉતપન્ન થયું છે ત્યારેજ વિજય પ્રાપ્ત થયો છે. માટે આપણી ઈસલામી કોમમાંથી ઢોંગી ધર્મગુરૂઓનો દોરદમામ તોડી પાડવાને તેવા પ્રયાસોની ખાસ જરૂરીયાત છે અને આ નાનકડું પુસ્તક તેના એક નમુના દાખલ છે તેથી જેમ બને તેમ તેની વધુમાં વધુ નકલો વધુ નહિતો માત્ર બે હજાર નકલો તો જરૂર કોમમાં વહેંચાવી જોઇએ. આ કીતાબની બે હજાર નકલો બહુજ ઝડપથી વકફ થઇ જાય અને કોઇ ઘર તથા કોઇ ગામ તેના લાભથી મેહરૂમ રહી શકે નહિ. એવી અમો સઘળા ઇસલામી બીરાદરોને ખાસ વિનંતી કરીએ છીએ.

અય ખુદા દે હકશનાશીકી તુ બીનાઇ હમેં
તાકે દેવે હક વ બાતીલ સાફ દીખલાઇ હમેં

કાબ્યા.

પીર કેવો જોઇએ.

પીરાઇની શરતો,

પહેલી સરત—ઇલ્મે કુરાનને જાણતો હોય, અને તે એટલે સુધી કે કુરાને મજીદની મોતેબર તફસીરોનું જ્ઞાન ધરાવતો હોય, અને કુરાને મજીદની આયાતોની શાને નોઝુલની જાણીતો હોય.

ઇલ્મે હદીસને જાણતો હોય અને તે એટલે સુધી કે, હદીસની મોતેબર કીતાબોનું જ્ઞાન ધરાવતો હોય, તેના અર્થ જાણતો હોય, ફીકાહ જાણનારા ઉલ્માઓની જેમ દરેક હદીસની તફસીર, તેના અઘરા શબ્દોના અર્થ, અને સંપુર્ણ તાવીલ જાણતો હોય.

પીર ફરજીઆત આલીમ હોવો જોઇએ અને તે એટલા માટે કે, તેણે બેઅત લઇ મુરીદોને શરીયત પ્રમાણેની આજ્ઞા કરવાની હોય છે. તેને શરીયતથી ઉલટી બાબતથી રોકવો. હક માર્ગ બતાવવો, તેના અંતઃકરણની સમાધાની કરવી ખરાબ રીતભાતો દુર કરાવવી અને સારી રીતભાતો દાખલ કરાવવી એ તેનું ખાસ કર્તવ્ય છે. અને મુરીદે તેના હુકમ ઉપર અમલ કરવાનો હોય છે.

સુબ્હાનલ્લાહ ! શું મામાલો પલટાઈ ગયો છે. કે કુરાને મજીદ હદીસશરીફ નહિ જાણનારા બલ્કે ઉરદુ ગુજરાતીપણ નહિ જાણનારા પીરો થઇ બેઠા છે. તેઓ કુરાને મજીદ તથા હદીસ શરીફ જાણતા નથી, એટલુ જ નહિ પણ સરે જાહેર શરીયત તથા નીતીરિતી વિરૂદ્ધ અમલ કરી પીરી મુરીદીને બટો લગાડે છે તેવા લોકો પીરાઇ માટે લાયક નથી. તેમની બેઅત કોઈએ કરવી જોઇતી નથી અને જેમણે એવા પીરો વારસામાં મેળવ્યા હોય તેમણે તેમને પાણીચું આપી દેવું જોઇએ.

બીજી સરત—પીર ન્યાયી તથા નીતિવાળો હોય, નાના મોટા ગુનાહોથી પરહેજ કરતો હોય, પીર નીતિવાળો એટલા માટે હોવો જોઇએ કે, તેની બેઅત અંતરની શુદ્ધતાનો હુકમ કરનારી હોય છે.

સુબ્હાનઅલ્લાહ ! શું મામલો પલટાઇ ગયો છે કે જ્યાં જોઇએ ત્યાં અન્યાયી તથા અનીતિવાન પીરોની ધમાલ લાગી રહી છે. વ્યભીચારી, શરાબી, અનીતિવાન તથા જુઠાણમાં રચીપચી રહેલા પણ પીરો થઇ બેઠા છે તેવા લોકો પીરાઇ માટે લાયક નથી, તેમની બેઅત કોઈએ કરવી જોઇતી નથી. જેમણે એવા પીરો વારસામાં મેળવ્યા હોય, તેમણે તેમને પાણીચું આપી દેવું જોઇએ.

ત્રીજી સરત—દુનિયાને તજી આપી તેણે આખરત તરફ પોતાનું ધક ધ્યાન રાખ્યું હોય, ફરમાન થએલી દોઆનો પઢનારો અને તાકીદ થએલી બંદગીનો કરનારો હોય. પોતાના [illegible]

સબંધ ખુદાતાલાથી રાખતો હોય અને તેની સ્મણું શકિત ઘણી તેજ હોય.

સુબ્હાનઅલ્લાહ ! શું મામલો પલટાઇ ગયો છે કે દુનિયા માટે કાંપો વાળી મંડેલા, મુરીદોની દોલત અનેક રીતે ધુતનારા, નાણાં એકઠાં કરી ટકાને વ્યાજે ધીરનારા, ઉંચી કીસમનાં ખાણાં ખાનારા, મોજ સોખ માણનારા, શેતાન સાથે પોતાનું ઘક ધ્યાન રાખનારા, દોઆ કે બંદગીને પડખે પણ નહિ ચડનારા અને ડગલેને પગલે ભુલનારા, પણ પીરો થઇ બેઠા છે, તેવા લોકો પીરાઇને લાયક નથી. જેમને એવા પીરો વારસામાં મળ્યા હોય તેમણે તેને પાણીચું આપી દેવું જોઇએ.

ચોથી સરત—તે શરીયતનો હુકમ કરનાર હોય અને શરીયતથી ઉલટી બાબતનો રોકનાર હોય.

સુબ્હાનલ્લાહ ! શુ મામલો પલટાઈ ગયો છે શરીયતને ખુલ્લી રીતે લાતઃમારનારા, નમાઝ, રોઝા, ઝકાત વીગેરે તરફ ચશ્મપોશી કરનારા અને કરાવનારા. શરીયતથી ઉલટી રીતે વર્તનારા અને વર્તાવનારા અને કાંઇ પણ ખુદાનો ખોફ નહિ ખાનારા અને માત્ર મુરીદોના તન, મન અને ધન હરનારા પણ આજે પીર થઇ બેઠા છે તેવા લોકો પીરાઇને માટે લાયક નથી. તેવા પીરોની બેઅત કોઇએ કરવી જોઇતી નથી. જેમને તેવા પીરો વારસામાં મળ્યા હોય, તેમણે પાણીચું આપી દેવું જોઇએ.

પાંચમી સરત—તે કોઈ કામેલ મુરશદની સોબતમાં રહેલો

હોય અને તેથી ઇલમ શીખ્યો હોય, અને તેથી બાતેનનું નુર તથા અંતઃકરણની શાન્તી હાંસલ કીધી હોય.

સુબ્હાનઅલ્લાહ ! શું મામલો પલટાઇ ગયો છે કે કોઇ પણ કામેલ મુરશેદની સોબતમાં ઘડી પણ નહિ રહેલા, વેશ્યા તથા નાચ ગાણાના જલસામાં બેસનારા, અને અલેફનું નામ ભાલુંએ નહિ જાણનારા, પણ આજે પીરો થઇ બેઠા છે. તેવા લોકો પીરાઇને માટે લાયક નથી. તેવા પીરોની બેઅત કોઇએ કરવી જોઇતી નથી. જેમને તેવા પીરો વારસામાં મળ્યા હોય, તેમણે તેમને માફીનું આપી દેવું જોઇએ.

મુરીદો માટે સરતો—જેણે નવો પીર ધારવો હોય અથવા જુનો વારસામાં મળ્યો હોય, તેના માટે ઉપર પ્રમાણેની પાંચ સરતોનો વિચાર કરવો જોઇએ. જો તે સરતો પ્રમાણેની પીરની લાયકાત હોય તો, તેની તાબેદારી દીલોજાનથી ઉઠાવવી; પણ જો તેની લાયકાત તેમાં ન હોય તો, તેની બેઅત કરી, અથવા ચાલુ રહેવા દઈ, પોતાની દુનીયા તથા આખરત બરબાદ કરવી નહી.

વળી મુરીદે પણ એકરાર કરવો જોઇએ કે, ખુદાતાલા માબુદે બરહક છે, તે સિવાય બીજો કોઇ ખુદા નથી. હજરત મોહંમદ મુસ્તફા સ० તેના બર ગુઝીદા પેગંબર છે. કીયામત તથા જન્નત દોજખને બરહક જાણે. દરરોજ પાંચ વખતની નીમાજ પડે, રમજાન માસના રોઝા રાખે, શકિત હોય તો

ખાને કાબાની હજ પડી આવે વીગેરે વીગેરે શરીયતની વાજીબ બાબતોપર અમલ કરે. પોતે પીરને જે નાણાં આપે, તેનો જો પીર દુરૂપયોગ કરે તો તેવાં નાણાં આપવાનું બંધ કરે.

પીરોએ પણ મુરીદો પાસેથી નાણાં ઓકાવવાનું હરામ સમજવું જોઇએ, તેઓ મુરીદોની કમાણીપર પોતાનો નિર્વાહ ન ચલાવે. મુરીદોની વહુ દીકરીઓને પોતાની બેટા બેટી સમજે તેમનાપર કદી પણ બદ નજર કરે નહિ. લાલચની ખાતર મુરીદની હાયે હા મીલાવે નહિ.

પીરોના રંગ ઢંગ.

જો કોઇ પણ પીરાઇનો દાવેદાર એમ જણાવે કે, હુંજ પોતે ખુદા છું અને ખુદાનો અવતાર છું તો એમ સમજવું કે, તે પીર નથી, પણ ધુતારો છે. કારણ કે ઇનસાન તે ઇનસાનજ છે. ઇનસાન જો ખુદાઇ દાવો કરે તો તે, ઇનસાન કાફર થઇ જાય છે. મુસલમીનપણાના માંડલાની બહાર નીકળી જાય છે. અને તેણે ખુદા સાથે હરીફાઈ તથા જંગ આદર્યો ગણાય છે. ખુદા તો એક છે, બે નથી, એટલે ખુદાની પાક-જાત એકજ છે. ખુદા બધી ચીજોનો તથા આસમાનોનો પેદા કરનાર છે. અને આસમાનોમાં તથા જમીનોમાં જે કાંઇ છે તે સઘળું તેણેજ પેદા કર્યું છે. ખુદા સઘળી ચીજોનો જાણ-નાર છે તે કોઇપણ ચીજથી ઘેરાયેલો નથી, તે કોઇપણ ચી-જનો બનેલો નથી, તેણે કોઇપણ ચીજને જન્મ આપ્યો નથી

અને તે કોઇપણ ચીજમાં મળી જતો નથી. ખુદા હર જગોએ હાજર છે અને સઘળું જુએ છે. ખુદાની જાત બીલકુલ આંખે દેખાતી નથી. જો કોઈ ઇનસાન પોતે ખુદાઇનો દાવો કરે તો, તે દાવો, નમરૂદ તથા ફીરઓન જેવો છે. અને ફીરઓન તથા નમરૂદ જે દરજજાને પાત્ર છે તેજ દરજજાને તે પણ પાત્ર ઠરે છે માટે જયારે તમો જુઓ કે, અમુક માણસે ખુદાઇ દાવો કીધો, ત્યારે તેને ખરેખર મક્કરબાજ માનજો.

જો કોઇ માણસ કોઇપણ ઇનસાનને ખુદા કહે તો, તે માણસ પણ ગુમરાહ છે. કારણ કે તેણે ખરા ખુદાને તજી ખુદાના એક અદના બંદાને ખુદા ઠેરવી લીધો છે. આવો માણસ કાફર થઇ જઇ મુસલમાનોના માંડલાની બહાર નીકળી જાય છે. પણ તે માણસ જે માણસને ખુદા કહે છે તે માણસે જો ખુદાઇ દાવો ન કીધો હોય તો, તેમાં તેનો કાંઇ કસુર નથી, બલકે તેને ખુદા ઠેરવી દેનારજ ગુનેહગાર છે. ઇનસાનને ખુદા કહેનાર મુશરીક ગણાય છે. અને મુશરીક એવો ગુનેહગાર ગણાય છે કે તેનો ગુનાહ ખુદ ખુદા પણ માફ નહિ કરે.

જે ઇનસાન ખુદાઇ દાવો કરે, તેનું જુઠાણું તો સાધારણ બુદ્ધિથી પણ સમજી શકાય છે; કેમકે તેવો બનાવટી ખુદા બીજા ઇનસાનો જેટલોજ મોહતાજ હોય છે. તેને ખાવા પીવાને તથા પહેરવા ઓઢવાને બીજાની મોહતાજી ભોગવવી પડે છે માંદો પડે છે અને દવાઓ પીવી પડે છે. વહાડકાપ કરાવવું પડે છે, અને મરી પણ જાય છે, તો કોઇપણ ઇનસાનને સ-

જવાર નથી કે, ઈનસાનને ખુદા કહી પોતાનું દીનો ઈમાન બરબાદ કરે અને પોતાના હકો ગુમાવી પોતાનું સરે જાહેર અપમાન કરે.

જો કોઇપણ પીર પોતાને પેગંબર જણાવે તો એમ સમજવું કે તે મક્કરબાજ તથા ધુતારો છે; કારણ કે છેવટના પેગંબર હજરત મોહંમદ મુસ્તફા સ૦ પછી પેગંબરી સીલસીલો ખતમ થયો છે અને તેમની પછી કોઇપણ પેગંબરીનો દાવો કરે તો તે રદ બાતલ છે. આવો દાવો કરનાર ખુદાતાલા સામે ફીતનો જગાડનાર અને પોતાના સ્વાર્થને ખાતર લોકોને ગુમરાહ કરનારો છે; તે લોકોને ગુમરાહ કરે છે; એટલુંજ નહિ પણ પોતે પણ મહાન ગુનાહ કરે છે. મુસીલેમા કઝઝાબ વીગેરેએ જે પેગંબરીના જુઠા દાવાઓ કીધા હતા, તેનો જે દરજજો ઇસલામીઓ જણાવે છે તેજ દરજજાનો તે પીર પણ હકદાર બને છે, આવા પીરને તાબે થઇ કોઇએ પોતાનું દીનો ઇમાન બરબાદ કરવું નહિ અને પોતાના હકો ગુમાવી પોતાનું સરે જાહેર અપમાન કરવું નહિ.

જો કોઇપણ પીર પોતાને ઇમામ જણાવે તો, એમ સમજવું કે, તે મક્કરબાજ તથા ધુતારો છે. કારણ કે ઇમામની નેમણુંક માસુમ સિવાય બીજા માટે થઇ શકી નથી. અને થઇ શકતી નથી. "ઇમામ કેવો જોઇએ?" જે ઇમામતની સરતો જણાવવામાં આવી છે તે સરતો પ્રમાણે તે દાવેદારને ટંટોળવો એટલે તુરતજ તેના દાવાની પોલ જણાઇ આવશે. આવા જુઠા

ઇમામતના દાવેદારો રાત્રી દિવસ લોકોના નાણાં ધુતી ધુતી મોજમજા ઉડાવે છે. અને પોતાના મુરીદોને ઉંધે રસ્તે ચડાવે છે. સીધો રસ્તો એટલા માટે બતાવતા નથી કે, જો બતાવે તો, તેમના દાવાની પોલ મુરીદોને કળાઇ જાય, અને મુરીદો સમજે કે તેવી સરતો આ દાવેદારમાં નથી. વળી મુરીદો પોતા-ના હકો તથા ઇમામતના હકોથી જાણીતા થઈ જાય અને તેથી પોતાના તન, મન ધનને લુંટાવા આપે નહિ અને જુઠા દાવેદારને કુલ દખાવી નાશી જવું પડે; માટે કોઇપણ ઇનસાનને સજાવાર નથી કે ગેર ઇમામને ઇમામ કહી પોતાનું દીનો ઇમાન બરબાદ કરે અને પોતાના હકો ગુમાવી પોતાનું સરે જાહેર અપમાન કરે.

જો કોઇપણ માણસ પોતાને પીર કહેવડાવે તો "પીર કેવો જોઇએ?" જે સરતો લખી છે તે સરતો તેમાં છે કે નહિ; તે બરાબર તપાસી જોવું અને જો તે સરતોથી વિરૂદ્ધ હકીકત તેમાં જણાય તો તેને મક્કારબાજ તથા ધુતારો ગણી કુડેમ કરી દેવો અને બીજા લોકોને પણ ચેતાવી દેવા કે તેઓ પો-તાના દીનો ઇમાનને તથા તન, મન, ધનને બરબાદ કરે નહિ. જુઠા પીરને તાબે થવાથી પોતાના હકો બરબાદ થાય છે. અને પોતે પોતાનું સરે જાહેર અપમાન કર્યું લેખાય છે.

જો કોઇ પીર પોતાના મુરીદોને એમ કહે કે, તમે મને નાણાં આપો તો હું કીયામતને દહાડે તમોને છોડાવીને જન્નત-માં મોકલાવીશ; તો જાણવું જે આવો પીર પણ મક્કારબાજ

તથા ધુતારો છે; કારણ કે તેવા પીરને પણ પોતાના ભલા બુરા આમાલનો બદલો કીયામતને દહાડે ભોગવવો પડશે અને ખુદા આગળ તેવા પીરની કોઈપણ સીફારસ ચાલતી નથી. ત્યાં તો જો સારા આમાલો કીધાં હશે તો જન્નત મળશે અને જો બુરા આમાલો કીધા હશે તો દોજખ મળશે. નાણાં લઇને જન્નત આપવાનો વાયદો આપવો એ ખુદાતાલાની ખુદાઇ સામે જંગ તથા ફસાદ કરવા બરાબર છે. માટે કોઇપણ ઇનસાનને સજાવાર નથી કે તેવા પીરોને પૈસા આપી જન્નતની ચાવીઓ ખરીદે; બલ્કે તેવા પીરના પંજાથી પોતે મુક્ત થઇ જઇ બીજાઓને પણ મુક્ત કરાવે.

જો કોઇ પીર એમ કહે કે, જન્નત તથા દોજખની ચાવીઓ મારી પાસે છે. માટે જે કોઈ મારા હુકમને તાબે થઇ મને નાણાં આપશે તેને હું જન્નતમાં લઇ જઇશ અને જે નાણાં નહિ આપે તેને દોજખમાં ધકેલી દઇશ. તો એમ સમજવું કે તે બનાવટી તથા ઢોંગી ની આડમાં શીકાર ખેલનારો છે. ખુદાતાલાએ આવો અધિકાર કોઇને આપ્યો નથી ખુદ આવા પીરો દોજખમાં ગંધકના કોયલા થઇ બળશે અને માત્ર જેઓએ નેક આમાલો કીધા છે તે જન્નતમાં જશે અને બુરા આમાલો કીધા તે દોજખમાં જશે. માટે મુરીદોએ આંખ મીચીને મેંઢા બનવું નહિ અને પીરના પરખ કરવામાં આ દલીલને દ્રષ્ટિ મર્યાદામાં રાખવી.

જો કોઈ પીર એમ કહે કે મારે કે મારા મુરીદોએ કુર-

આનને માનવાની જરૂર નથી. અમો તથા અમારા મુરીદો તો મારફતને પહોંચી ગયા છીએ. કુરાન તો માત્ર શરીયતવાળા-એજ માનવાનું છે તો એમ સમજવું કે આ પીર પણ ચાલ-બાઝ તથા પ્રપંચી છે. દરેક મુસલમાન ભલે પછી તે પોતાને શરીયતી, હકીકતી, તરીકતી કે મારફતી જણાવે તેણે કુરાનને ફરજીઆત માનવું જોઇએ. જો કોઇ પીર કે તેનો મુરીદ કુરા-નને માનવાને ઈનકાર કરે તો તે મુસલમાન ધર્મના માંડલાથી બહાર થઈ જાય છે અને ચોખો કાફર બની જાય છે. પૈગંબર તથા ઇમામો કરતાં બીજા કોઇ મોટા મારફતી કે સુફી નહિ હતા; પરંતુ કુરાનને માનતા હતા અને લોકોને તેને માનવાનો ઉપદેશ કરી ગયા છે પૈગંબર સાહેબ કુરાન તથા પોતાની આલની પૈરવી કરવાને હદીસમાં ફરમાવી ગયા છે અને જે કુરાનને નહિ માને તે ગુમરાહીના દરીયામાં ડુબી જશે. માટે કુરાનને નહિ માનનાર અથવા તો પોતાના મુરીદોને તે નહિ માનવાનું કહેનાર પીરને કોઇએ પીર ગણવો નહિ; પણ તે શીકારી છે. આવા શીકારીના પંજામાં સપડાઇ કોઇએ પોતાના તન, મન ધનના હકો બરબાદ નહિ કરવા જોઇએ.

જો કોઇ પીર એમ કહે કે મારા મુરીદોએ નીમાજ પઢવી નહિ અને માત્ર મારા નામની તસબીહ કાઢવી, તો સમજી લેવું કે, તે પીર પણ નમરૂદ તથા ફીરઔનનો સાથી છે. દરેક મુ-સલમાન પર ખુદાતાલાએ પાંચ વખતની નીમાજ વાજીબ કીધી છે. કોઇપણ તે ફરજથી બિમુખ નથી. ખુદ પૈગંબરે ખુદા તથા

ઇમામો નીમાજ પઢતા હતા. હજરત અલી અ૦ કુફાની મસજીદમાં તથા હજરત ઇમામ હુસેન અ૦ કરબલાના મેદાનમાં નીમાજ પડતા પડતા શહીદ થયા. તો શું પીર–પૈગંબર કે ઇમામ કરતાં પણ વધી ગયા કે, પોતે નીમાજ પડે નહિ અને પોતાના મુરીદોને પડવા દે નહિ! આવા નીમાજનો ઈનકાર કરનાર પીર તથા મુરીદો ગુમરાહ તથા મુસલમાન મઝહબથી નીકળી ગએલા છે. તેમને મુસલમાન કે પીર કહેવું સજાવાર નથી; બલ્કે તેમનાથી જલદીથી દુર ખસી જવું જોઇએ.

જો કોઇ પીર એમ કહે કે, નીમાજ વખતે અઝાન પઢવી નહિ તેમજ વજુ કરવું નહિ તો એમ સમજવું કે તે પીર માત્ર પોતાના પેટનોજ પુજારી છે. જો પોતે પીર હતે તો ઇસલામના હુકમનો ઈનકાર કરતે નહિ અને તહારતને મનસુખ કરતે નહિ. આવા પીરો હરામ હલાલનો ખ્યાલ રાખતા નથી. શરાબ પીએ છે. અને સુવ્વરનું ગોસ્ત ખાય છે. હરામ કમાઇના નાણાં પર તાગડધીન્નાં કરે છે. માટે આવા અઝાન તથા વજુના ઇનકારી પીરને તાજી, ખરા મુસલમાન થઇ, પોતાની દીનો દુનિયાં સુધારવી જોઇએ.

જો કોઇ પીર એમ કહે કે, મારા કોઇપણ મુરીદે રમજાન માસનાં રોજાં રાખવાં નહિ, મારા મુરીદોને માફ છે તો સમજવું કે, તે પીર, પીર નથી; પણ ઇસલામનો કટો શતરૂ છે અને તેનો હેતુ લોકોને ઇસલામથી ખસેડી પોતાંના પુજારી બનાવવાનો છે; કેમકે જો તે પીર મુસલમાન હોય તો, તેણે

તથા તેના મુરીદોએ રમજાન માસનાં રોજાં રાખવાં વાજીબ છે. જો તે રોજાં ન રાખે તો તથા બીજાને રાખતા અટકાવે તો તે મોટો અપરાધી છે. આવા પીરને પરખીને તેને પાણીચુંજ આપી દેવું કે, જેથી પોતાના તન, મન, ધનના હકો તથા દીન ઇમાનના હકો નાબુદ થાય નહિ.

જો કોઇ પીર એમ કહે કે, મારા મુરીદોએ કોઇએ મકા-શરીફની હજ પડવાને જવું નહિ, તેમને તે માફ છે. માત્ર મારા દીદાર કરવાથી હજનો સવાબ તેમને મળે છે. તો સમજવું કે, તે પીર શેતાનનો સાથી છે. જે મુસલમાનને ખુદા-તાલાએ શક્તિ આપી હોય તેના પર હજ વાજીબ છે. તે વાજીબ તેણે અદા કરવી જોઇએ અને તે અદા ન કરે તો, તે પોતે ગુન્હેગાર છે. આ ફરજ એવી તો ખુલ્લી છે કે પેગંબારે તથા ઇમામો પણ હજ પડતા આવ્યા છે. પણ જે પીર હજની મનાઇ કરે છે તે પીર ખરી રીતે તો ઇસ્લામને તોડી પાડવાનું કામ બજાવે છે; તે ખુદાનો દુશમન તથા મુસલમાનના માટે આફત રૂપ છે. મુસલમાનોએ તેવા પીરથી બચવું જોઇએ, કેમકે જો ન બચે તો પોતાનું દીનો ઇમાન બચી શકતું નથી.

જો કોઇ પીર એમ કહે કે માત્ર મને એકલાનેજ ધર્માદાના નાણા આપવાથી તમારા જીવનો છુટકારો થશે. અને તમારે મારા સિવાય બીજા કોઇને ધરમાદો આપવો નહિ. જો આપશો તો તે અકારત જશે. જકાત, ખુમ્સ, સદકો વીગેરે સઘળું મનેજ આપવું જોઇએ. આમ કહી તે પ્રકારના નાણાં મુરીદો

પાસેથી લે તો, સમજવું કે, તે પીર નથી, પણ ધન ધુતનારી કંપનીનો વડો છે. જો પીર સઇયદ હોય તો, તેને જકાત તથા સદકો લેવો હરામ છે અને મુરીદોએ તેવા પીરને જકાત તથા સદકાના નાણાં આપવાં હરામ છે; કેમકે પેગંબર સાહેબે સઇયદોને જકાત તથા સદકો હરામ કરેલ છે. માટે પીર જો જકાત તથા સદકો લે તો, તે લેવું હરામ છે. અલબત્તા સઇયદો માટે ખુમ્સ જાયઝ છે; પણ તે ખુમ્સ ખાસ ગરીબ તથા મુસ્તહક સાદાતનો હક છે. જે પીર લખપતિ હોય, લાખો રૂપીયાની મીલકત ધરાવતો હોય, લાખો રૂપીયાના વ્યાજે ખાતો હોય, મોટર તથા ટમટમમાં ફરતો હોય, તેને ખુમ્સના નાણાં આપવાં વાજીબ નથી, તેમ તેણે તે લેવાં જાયઝ નથી. લેનાર તથા આપનાર બંને ગુનેહગાર છે, વળી જો આવા પીરો જકાત, સદકો તથા ખુમ્સના નાણાં લઇ જાય તો; જકાત, સદકો તથા ખુમ્સના ખરા હકદારોનો હક માર્યો જાય અને તેવા ગરીબ કુટુંબોના માટે જે મદદનું સાધન હતું તે પીરે છીનવી લીધું ગણાય. અને તે બદલાનો ગુનાહ પીર તથા મુરીદ બંનેની ગરદન પર આવી પડે અને બંનેએ તે બદલાનો જવાબ ખુદાને આપવો પડશે. માટે આવા પીરોને જકાત, ખુમ્સ તથા સદકાના નાણાં આપી ખરા મુસ્તહકોના હકો છીનવી નહિ લેવા જોઇએ.

જો કોઇ પીર એમ કહે કે, મારા મુરીદોએ માત્ર મારી આજ્ઞા પ્રમાણેજ ચાલવાનું છે. હું જે કહું તેજ ધર્મ એમ હું

જે કહું તે જ માગે. તો સમજવું કે આ પીર પણ સ્વાર્થી તથા ધુતારો છે. જો પીર મુસલમાન છે તો તેણે કુરાને મજીદ તથા હદીસ શરીફની આજ્ઞાઓ પ્રમાણે ચાલવું જોઇએ. અને જો તેના મુરીદો મુસલમાન હોય તો તે, મુરીદોએ પણ કુરાને મજીદ તથા હદીસ શરીફ પ્રમાણે ચાલવું જોઇએ. માટે પીર કેવો જોઇએ? તેની બતાવેલી સરતો જે પીરમાં હોય, તેને પીર તથા ન હોય તેને પાણીચું આપી દેઈ પીછો છોડાવવો જોઇએ.

ધર્મથી અજાણ્યા, પીરોની સરતોથી બિન માહિતગાર તથા જન્નતમાંજ આંખો મીંચીને જવા માગતા લોકો પોતાની અજ્ઞાનતાથી ધર્મની આજ્ઞાઓને સમજતા નથી, પીર કેવા જોઇએ તેની સરતોથી અજાણ્યા હોય છે. પણ જન્નતની ધુન એટલી તો તેમને લાગી હોય છે કે, જન્નતમાં જવાના ખરા માર્ગથી માહિતગાર નહિ થતાં સ્વાર્થી પીરોના તેઓ ભોગ થઇ પડે છે અને પોતાની દીન તથા દુનિયા બરબાદ કરે છે. આવા લોકો પોતાના તન, મન, ધન તથા દીનો ઇમાન બરબાદ કરે છે એટલુંજ નહિ પણ પોતાના તેવા વર્તનથી લાગતા વળગતા માટે બહુજ ખરાબ દાખલો બેસાડી જાય છે. વળી જયારે આવા આંખના આંધળા અને ગાંઠના પુરા લોકો પીરોને મળી જાય છે ત્યારે પીરો પણ ફીરઓન બે સમાન બની ફાવે તેમ નાચે નચાવે છે અને મુરીદોને કુશકેરી તથા પોતાના નાણાં તથા લાગવગથી તેમની ભુલ બતાવનારને અનેક રીતે ખોટે

છે. પણ મુરીદો જો ધર્મ જ્ઞાનથી જાણીતા થઈ જાય અને પોતના હકોને પીછાણે તો પીરો પોતાની મેળેજ નાશી જાય અને તેવા પીરોના કારણે જે લાખો લોકોના દીનો ઇમાન બરબાદ થાય છે તથા જગત પર આફતો નાઝીલ થાય છે તે થવા પામે નહિ.

શીકારી પીરથી બચો.

" મુરશીદે કામીલ યાને બાતીની રાહબર " નામની કીતાબમાં લખ્યું છે કેઃ—

" પીરને શોધખોળ કરનારને એક મોટી મુશકેલી એ આવીને નડે છેઃ કે, આ જગમાં બંને પ્રકારના પીરો યાને મુરશીદો છે. બનાવટી છે અને કામીલ પણ છે અને પીરને શોધવા નીકળનાર આંધળો હોય છે તેને પીરની પીછાણ વિશે કશું ભાન હોતું નથી. " જરા આગળ ચાલીને લખે છે કેઃ—

" જે કોઈ પુરો તથા કામીલી મુરશીદ મેળવે, કે જેણે ઇશકે ઈલાહિની સઘળી પાયરીઓ અવલથી તે આખર સુધી પસાર કરી લીધી હોય, ફનાફીલ્લા તથા બકાબીલ્લા થયો હોય, તેવા કામેલ મુરશદની કાળજી તથા સેવાથી પોતે પણ બને અને કામીલ ફનાફીલ્લા તથા બકાબીલ્લા થઈ જાય. " જરા આગળ ચાલીને લખે છે કેઃ—

" સુલુક યાને યોગ ઘણોજ મુશકેલ છે, કે જેની સહાય-

તાથી ખુદા સુધી તેને તેજ પહોંચાડી શકે છે કે જે પોતે તે માર્ગમાં ચાલ્યો હોય અને જેણે પોતે પણ કામેલ મુરશીદ પાસેથી સુલુક યાને યોગની પાયરીઓ તઈ કીધી હોય; કેમકે જે ખરા મુરશીદના હાથે તાલીમ પામ્યો હોય છે તેજ વિવિધ પ્રકારે મુરીદ કરી શકે છે અને દરેક પ્રકારના રૂહાની ઈલાજોના માર્ગો જાણતો હોય છે." જરા આગળ ચાલતાં લખે છે કેઃ—

"અય ખરા મુરશીદના શોધક! તેવા મુરશીદને આખા જગતમાં ફરી ફરીને શોધી કાઢ, કે જે કામીલ હોય અને સુલુક યાને યોગની પાયરીઓને પસાર કરી ચુકયો હોય. ફનાફીલ્લા તથા બકાબીલ્લા પગથી માથા સુધી નુર હોય અને ઇશ્કે ઇલાહિના દરીયામાં ડુબ્યો હોય, કે તે તને મુંડીને મુરીદ કરી, ખુદાની મોહબ્બત તથા ઇલાહિ યોગની પાયરીઓ બતાવે અને તારી નફસાની ખરાબીઓ તારા પ્રાણથી તજાવે. યોગની સઘળી પાયરીઓ તઇ કરાવે અને તેની કાળજી તથા તેના ફેઝથી તારી રૂહને ઈશ્કે હકીકીનો ખોરાક મળે." જરા આગળ ચાલતાં લખે છે કેઃ—

"જે કોઇ મુરશીદ કરવા ચાહે અને બેઅત કરવી ઇચ્છે તો પુરા તથા કામીલ મુરશીદની તલાશ કરે. જો તને મુરશીદે કામીલ મળી જશે તો, આ માર્ગની સઘળી સમજ તને મળી જશે અને જે કોઇ પુરો તથા કામીલ મુરશીદ હશે, તે આ ખુદાઇ ઇશ્કની પાયરીઓમાં તારાથી રીયાઝત તથા ઇબાદત કરાવશે" જરા આગળ ચાલતાં લખે છે કેઃ—

" એ વાતને સારી પેઠે યાદ રાખવી, કે જયારે કોઇ સાથે હાથ મીલાવે અને કોઇનો મુરીદ થાય ત્યારે બહુજ સમજી બુજીને અને વિચાર કરીને મુરીદ થાય. કોઇની જુઠી કથા કે ગાપડ ચોપડ વાતો પર ભરૂસો ન કરે અને તેના દમમાં ન આવી જાય; કેમકે માથું ત્યારેજ આપવામાં આવે છે અને વેચવામાં આવે છે કે જયારે કોઇ પુરો કામીલ મળે, કેમકે જમાનાની હાલત ખરાબ છે." જરા આગળ ચાલતાં લખે છે કે—

" જે કોઇ ઇશકે ઇલાહિની પાયરીઓ તઇ ન કરી ચુકયો હોય, પરહેજગારી તથા રીયાઝત નહિ કરી ઇસલામનો પ્રકાસ યોગ અથવા સુલુક ન મેળવી શકયો હોય, તેની સ્થિતિ ખરાબ હોય અને જો તે તેવીજ હાલતમાં લોકોને મુંડે, તરેહ તરેહની જાળ બીછાવી, મકર તથા ફરેબની વાતો બનાવી ચેલાઓ બનાવે અને પોતે પીર તથા મહંત બને અને લોકોને મુરીદ બનાવે અને તેમની ગરદનમાં ફાંસો નાંખે, તો તે ચેલો પછી કશાપણ કામનો રહેતો નથી. તે ફાંસા તથા જાળમાં ફસાઇને મરી જાય છે. આ જુઠા પીર તથા મહંતને તો પેટ ભરવાની વાત હોય છે અને તે બાપડો ચેલો, જે તેની જાળમાં જકડાયો છે તેનું તો નિકંદન નીકળી ગયું. તેને કોઈપણ ખુદા રસીદા પીરે કામીલની સોબત નસીબ થશે નહિ, કે જેના પાક નફસની બરકતથી ખુદા સુધી પહોંચે." જરા આગળ ચાલતાં લખે છે કે:—

" જે કોઇ પીર શીકારી ઝભ્ભો ધારણ કરી, પીરાઈ ધારણ કરી ગુરૂ, મુરશીદ, પીર, હાદી તથા રાહબર કહેવડાવે અને ચેલાઓને બેહકાવે, યોગ યાને સુલુકની હાલત તથા તેનો માર્ગ ઉટપટાંગ બતાવે અને તેના કર્તવ્ય વિષે કશું પણ જાણતો ન હોય, તો તેની એવી હાલત છે કે જેવી અનાડી હજામ માથું છોલે છે, એટલે કે બેવકુફ હજામ ગોઠણપર માથું રખાવી માથાને એવી રીતે છોલે કે, માથું કપાઈ જાય તો તેની બલાથી, તેને તો ટકા લેવાથી કામ છે."

પીરની શોધખોળ કરવાનું યાને પીરે કામીલ મેળવી લેવાનું કાર્ય કેટલું કઠીણ તથા જોખમ ભરેલું છે તે ઉપરના ઉતારાથી સાફ જણાઇ આવે છે. પરંતુ લોકો આંધળા બની પીરોના ચેલા બની જઇ ગુલામગીરીનો તોક ગરદનમાં નાંખી પોતાની દીનો દુન્યાને બરબાદ કરે છે. લાયક પીર શોધી કાઢવો એ જેટલું મુશકેલ કામ છે તેથી અનેકગણું બનાવટી પીરની જાળમાં જકડાઇ પોતાની આ લોક તથા પર લોકની ફરજને બરબાદ કરવી એ ગુનાહને પાત્ર છે.

પીરે કામેલની શોધ કરવા નીકળી, પુરેપુરી સાબીતિ તથા દલીલથી મેળવવા કોશીશ કરે તેવા લોકો બહુજ થોડા અને તે થોડીજ હાની મેળવનારા છે; પરંતુ આજે એવો વર્ગ સેંકડે ૯૯ ટકા જોવામાં આવે છે કે, જે જન્મ સાથે પીર પણ વારસામાં મેળવે છે. એટલે કે જન્મ થતાંજ તે અમુક પીરનો મુરીદ ગણાતા લાગી જાય છે. જે વખતે પીર શું, પોતે શું, મુરીદ

શું વગેરે કશાની ખબર તેને હોતી નથી ત્યારે તેની ગરદનમાં મુરીદીની સાંકળ નાખવામાં આવે છે. આ સાંકળ એવી તો મજબુત નાખવામાં આવે છે કે, જયારે તે સમજુ થાય અને તેને તે પીરની પીરાઈ વિશે પોલમ પોલ ખુલે ત્યારે પણ તે સાંકળને દુર કરી શકે નહિ, તેણે "ના ન માન ન તેરા મેહમાન"ની જેમ મારી મચડાઇને મુરીદ રહેવું જોઇયે જો તે મુરીદ ન રેહવાને લબ હલાવે તો, પીરના ચાબુક પડ તેની પીઠ પર એવા આવી પડે કે તેની પીઠ લોહિ લોહાણ થઇ જાય જો તે મુરીદ પીરની લાયકાતની ખામી જોઈ તેના ફંદામાંથી નીકળવાને કોશીશ કરે તો, પીરનો એહાકી હુકમ છુટે કે, તેને તેના બાપે તજી દેવો. તેની માતાએ તેને તજી દેવો, તેની ઓરતે તેને તજી દેવો તેના છોકરાં છૈયાંએ તેને તજી દેવો. તેના સગાં સબંધીઓએ તેને તજી દેવો. તેની જ્ઞાતીએ તેને તજી દેવો, તેની સાથેનો સઘળો સબંધ તજી દેવો, તેને સગા સમંધીના કે જ્ઞાતીના કોઈ પણ શાદી ગમીના કામમાં આવવા દેવો નહિ, તેની સાથે બોલવું નહિ. મતલબ કે તેના પર આફતોનું દળ વાદળ એવું તો નાખવામાં આવે કે તેથી તે ડરી જઇ, તેવા લાયકાત રહિત પીરને તાબે થઇ જાય અને જેમ મદારી બંદરજીને સોટીના ઇશારા પર નચાવે છે તેમ તેને તે નચાવ્યા કરે. જબરદસ્તીથી મુરીદ ગણે, જબરદસ્તીથી તેના મનની સ્વતંત્રતા ખુંચવી લે, જબરદસ્તીથી તેના ખરા હકોને છીનવી લે, જબરદસ્તીથી તેની પાસેથી નાણાં ઓકાવે. અને જો તે જરા-

પણ પ્રોટેસ્ટ કરવાને લબ ખોલે તો ઉપરના સઘળા હથીઆરો તેના પર અજમાવે. માટે પીરી મુરીદીની આવી સીસ્ટમ સઘળા મુસલ્લમાનોએ તજાવી નાખવી જોઇએ. અને લોકોને પીરની લાયકાત તપાસવાના ઘટતા માર્ગો સ્વતંત્રપણે આપવા અને તે માર્ગો પર ચાલી, તે જો કોઈ પીરને લાયક જુએ તો, તેનો તેને મુરીદ થવા અટકાવવો જોઇએ નહીં, પણ જો કોઇ મુરીદ પોતાના પીરમાં એબ જુએ તો તેને તે પીર તજતાં અટકાવી તેની કુદરતી સ્વતંત્રતાને ઝુટવી નહિ લેવી જોઇએ.

જે મુરીદને પોતાની તપાસમાં એમ લાગે કે; મારો પીર ઇસલામ ધર્મને ચુસ્તપણે માનતો નથી અને તેના પર ચુસ્તપણે અમલ કરતો નથી અને પોતાના મુરીદોને તે ચુસ્ત ઈસલામ બતાવતો નથી અને ઈસલામથી ઉલટી રીતના હુકમો પણ કરે છે. પોતે કુરાને મજીદને જાણતો નથી :અથવા તો તે કુરાનને માનતો નથી. કુરાને મજીદની તફસીર તથા આયાતોની શાને નુઝુલથી બેખબર છે. તે જાહીલ છે અન્યાયી છે. ઇસલામે જે વસ્તુ ખાવા તથા પીવાની મનાઇ કીધી છે તેને તે ખાય તથા પીએ છે.:અને પોતાના :મોજશોખ માટે મુરીદો પાસેથી નાણાં એકાવવાનું હાથ ધરી બેઠો છે તો તેવે પ્રસંગે તે મુરીદે તે પીરને તજી આપવો અને તજવા જતાં જો પીર તેનાપર જુલમો કરવા બેસે તો બીજાઓએ તેના તે પવિત્ર કાર્યમાં સહાયતા આપવી; પણ ઉલટા તેને અડચણ કર્તા થઈ [illegible] પોતે પણ ગુનેહગાર થવું નહિ.

શેતાનના દાવપેચ.

લોકોને બેઈમાન બનાવવાના કામમાં રાત્રી દીવસ મચેલા મી૰ શેતાનનાં કાવત્રાંઓથી અમો ઇસલામીઓ સારી પેઠે વાકેફ છીએ. અને તેથી તેની જાળમાં કદી પણ સપડાતા નથી. મી૰ શેતાનની પેઠે ખુદા વાહદહુ લાશરીક છે એમ જાણવા છતાં, પણ મગરૂરી અને ખોટી આણ ખાતર ખુદાની જાતમાં બીજાને શરીક કરવું પસંદ કરતા નથી. મી૰ શેતાનનો વિવાદી કીસ્સો કાંઇક વિસ્તારથી નીચે આપી તેના કાવત્રાંઓથી જેમ અમો જાણીતા થયા છીએ તેમ બીજાઓને જાણીતા થવાની ભલામણ કરીએ છીએ.

અઝાઝીલ નામનો એક ફરીશ્તો કે જે આજે મી૰ શેતાન નામની ઓળખાય છે તે પ્રથમ ઘણા ફરીશ્તાઓનો સરદાર હતો. રાત્રી દીવસ અલ્લાહોતાલાની ઇબાદત બંદગીમાં વખત ગુજારતો હતો. જમીન તથા આસમાનમાં તેણે કોઈ પણ સ્થળ એવું બાકી રહેવા નહોતું આપ્યું કે જયાં તેણે અલ્લાહોતાલાની બંદગી માટે સીજદો ન કીધો હોય. ફરીશ્તાઓ તેને મોટા માનની નજરથી જોઇ પોતાનો સરદાર અને ઉસ્તાદ માનતા હતા. મી૰ શેતાન આવી રીતે જાહેરમાં સોનું પણ બાતીનમાં પીતળ હતા. જાહેરી ડોળડમાગનું કારણ માત્ર એટલુંજ હતું કે મનુષ્ય ઉતપતી જેવી ફજીલત પોતે મેળવી લેવાની તેની ઇચ્છા હતી. જુઠા સોનાની જલદી કસોટી થઈ

જાય છે. તેમ મી૦ શેતાનને પણ આવી કસોટી આવી નડી અને તેના સઘળો ભાંડો ફુટી ગયો.

ખુદાતાલાએ પોતાની મહાન કુદરતથી હજરત આદમ અ૦ ને ઉતપન્ન કીધા અને સઘળા ફરીસ્તાઓને તેને તાજીમનો સીજદો કરવાનો હુકમ આપ્યો. શીયાળાના જામામાં છુપેલા વરૂ મી૦ શેતાને જોયું કે જે ફજીલત મારે મેળવવાની હતી અને જે મેળવવા માટે આવી જીવતોડ મહેનત કરી આબીદી લેબાસ પહેર્યો હતો તે તો હજરત આદમ અ૦ ને ફાળે ગઇ; તેથી તેના ચારે હાથ ભોંય પર પડયા. પોતાની હુશીયારી અને તકબ્બુરાઇમાં આવી જઇ કાચું કાપી નાંખ્યું. તેને પોતાના કૈવરમા મુદા શોધતાં જણાયું કે ખુદાતાલા સિવાય કોઇને પણ સીજદો કરવો સજાવાર નથી. ખુદાતાલાએ હુકમ આપતાં તો આપી દીધો છે પણ મારી દલીલ રજુ કરી તે હુકમ પાછો ખેંચાવી લઇશ. બધા ફીરસ્તાઓએ હુકમને સર પર ચડાવી હજરત આદમ અ૦ ને તાજીમનો સીજદો કીધો; પણ અકલના ઓથમીર મી. શેતાન બીલકુલ અકડજ રહ્યા. તેની આવી નાફરમાન વર્તન જોઇ ખુદાતાલાએ તેને તેમ કરવાનું કારણ પુછયું, તો તેણે જવાબમાં પોતાની કમઅકલી ભરેલી દલીલ રજુ કરતાં જણાવ્યું કે "બારીતાલા આ કપાળ જે હજારો લાખો વર્ષ સુધી તારી પાક દરગાહમાં ઝુકેલું છે, શું તે હવે એક અદના ખાકના પુતલા પાસે જઇ ઝુકે!"

ખુદાતાલાના બધા હુકમો હીકમત ભરેલા હોય છે તેમજ

તે હુકમો માનવામાં નિર્બળ દાવપેચ અને બ્હાના કાઢવા જો-
ઇએ નહિ. અહીં મી૦ શેતાનની હુશીયારી બીલકુલ કરકરી
થઇ ગઇ. ખુદાતાલાએ તેને ફરમાવ્યું કે "ઓ કમબખ્ત !
શું તું અમારી હીકમતમાં દખલ આપે છે ? શું તું મારા
હુકમને પીઠ પછવાડે ફેંકી આપવા ઇચ્છે છે ? હજુ પણ
સમય છે. જો તું સીજદો કરવા માગતો હોય તો કરી લે;
નહિતર સમય હાથથી જતો રહેશે. અને પાછળથી પસ્તાવું
કાંઈ કામ આવશે નહિ." મી૦ શેતાને વિચાર કીધો કે એક
વખત તો હું મારો વિચાર ખુદાતાલા સમક્ષ રજુ કરી ચુકયો
છું હવે જો સીજદો કરીશ તો બધા ફરીસ્તાઓમાં મારી આ-
બરૂના કાંકરા થઇ જશે. આમ તકબ્બુરાઇ અને જુઠી આબરૂ
જાળવવાના દુષ્ટ વિચારમાં તલ્લીન થઇ ખુદાતાલાને જણાવ્યું
કે 'હું મારા સાચા ખુદા સિવાય બીજા કોઇ પાસે મારૂં
માથું ઝુકાવવા માગતો નથી. હું આગથી બનેલો છું અને
હજરત આદમ અ૦ માટીથી; તો એ રીતે મારો મરતબો તે-
નાથી આલા છે." તેના આવા મગરૂરી ભરેલા બોલથી ખુદા-
તાલાએ તેને પોતાના રહેમતથી હમેશાને માટે દુર કીધો અને
લાઅનત તથા ફીટકારનો તોક તેની નેહસ ગરદનમાં પહેરાવ-
વામાં આવ્યો અને મલઉન તથા મરદુદ બનાવી તેને હાંકી
કહાડવામાં આવ્યો.

તકબ્બુર અઝાઝિલ રા ખ્વાર કર્દ,
બઝિન્દાને લાઅનત ગિરફ્તાર કર્દ.

તો પણ મી૦ શેતાને અરજ કીધી કે " અય બારીતાલા ! મેં હજારો લાખો વર્ષ સુધી તારી બંદગી અને ફરમાં બરદારી કીધી, તેનો શું મને કાંઇપણ બદલો નહીં આપવામાં આવે ?" જવાબ મળ્યો કે " બોલ તું શું બદલો માગે છે ? !" મી૦ શેતાને અરજ કીધી કે " યા બારીતાલા જયાં સુધી હજરત આદમ અ૦ ની ઓલાદ દુનિયામાં રહે ત્યાં સુધી મને છુટાપણું મળવું જોઇએ કે, હું મારી મરજી મુજબ વર્તન ચલાવી શકું." જ્યારે મી૦ શેતાને જોયું કે મને છુટાપણું મળી ગયું છે ત્યારે ઘણોજ ખુશી થયો અને બોલ્યો કે " કસમ છે મને તારી ઇજ્જતની કે, હું એ સીવાય સઘળા આદમીઓને ગુમરાહ કરી આપીશ, કે જે બંદાઓને તેં ખાલીસ કીધા હશે. આદમની ઓલાદને તારા સિવાય બીજાની ઇબાદત કરાવીશ અને કદી પણ તારે રસ્તે ચાલવા દઇશ નહિ."

હજરત બારીતાલાનું ફરમાન થયું કે " હું હક છું અને હક વાત કહું છું, કે મેં પ્રથમથીજ તારા માટે અને તારા મુરીદો માટે સાત જહન્મો તૈયાર કરી રાખી છે. તું યાદ રાખ, કે હું તને અને તારી પેરવી કરનાર સઘળાને ધગધગતી અગ્નિમાં હોમી દઇશ. એટલા માટે કે કેમ તેઓએ મારા અને મારા મોકલેલા પેગમ્બરોના ફરમાનો ન માન્યાં ? કેમ તેઓએ મારી મોકલેલી રોશન કીતાબની હિદાયતો પર નજર ન કીધી ? કેમ તેઓએ પોતાના સરજનહારને છોડી બીજા આગળ ગરદન નમાવી ? મારા જાહેર ફરમાનો અને બુદ્ધી

હોવા છતાં કેમ તેઓએ ધાતુ, માટી અને લાકડાની મુર્તિઓને પોતાનો માઅબુદ ઠેરવ્યો ? શા માટે મારા સાચા આલીમોના વચનો તરફ લક્ષ નહિ આપ્યું ? કેમ તેઓએ દેખીતી અને સલામત આંખે ગફલત અને જહાલતનો પાટો બાંધ્યો ? કેમ તેઓએ પોતાના તનદુરસ્ત કાનોમાં નાદાની અને બેવકુફાઇના પુંખડા ભરી દીધાં ? હું વાયદો કરૂં છું કે જે કોઇ ખુદાની જાતમાં શીરક કરવાના ગુનાહમાં ફસાઇ જશે તેને હું કદી પણ માફ કરીશ નહિ. બીજા જે ગુનાહો બક્ષવા ચાહીશ. તેને બક્ષીશ; જોઇએ કે તે ગુનાહો જંગલના રજકરણો અને સમુદ્રના ટીપાં કરતાં પણ વધારે હોય." ખુદાવંદેકરીમ પોતાના કલામે પાકમાં ફરમાવે છે કે મુશરીકને હું કદીપણ બક્ષવાનો નથી કે જેણે મારી જાતમાં બીજાને શરીક કરેલો હોય. તેના સિવાય જેને ચાહશે તેને બક્ષી આપશે.

મી૰ શેતાને પોતાના છુટાપણા અને ઇનસાનોની ખુદા વ રસુલના હુકમો પ્રત્યેની ગફલતને લઇ હજરત આદમ અ૰ થી આજ સુધીમાં ખુદાના બંદાઓને અવળે માર્ગે ચડાવવાને, બેહકાવવાને, કાફીર અને મુશરીક બનાવવાને કોઇપણ રીતે કસર રાખી નથી અને કોઇપણ કોશીશ તથા મોકાને હાથથી જવા દીધો નથી. તે હમેશાં પોતાના દાવપેચમાં મશ્ગુલ રહે છે અને જેમ પોતાની મરજીમાં આવે તેમ આદમના બેટાઓને નચાવે છે.

પાક પરવરદીગાર જાણતો હતો કે મી૰ શેતાન મારા

બંદાઓને બેહકાવી ગુમરાહ કરવામાં કચાસ રાખશે નહિ; તેથી તેણે હજરત આદમ અ૦ થી તે છેવટના મહાન પેગંબર હજરત મોહંમદ સ૦ સુધી એક લાખને ચોવીશ હજાર પેગંબરો ઇનસાનોની હિદાયત માટે મોકલ્યા અને ઇનસાનોની હુજ્જત દુર કરવા માટે એવી એવી તદબીરો તેમની મારફત સમજાવી આપી કે આઇંદા કોઈ પણ માણસને બહાનું અથવા હીલો રજુ કરવાની જગો બાકી ન રહે અને કોઈ એમ કહેવા ન પામે કે " અમો જાહીલ હતા અમોને બીલકુલ ખબર ન હતી તેથીજ અમો ગુનાહોમાં ફસાઈ અલ્લાહ શિવાયે બીજાની બંદગી કરતા હતા. "

ખુદાતાલાએ પ્રથમ ઇનસાનોની હિદાયત માટે હજરત આદમ અ૦ ને પેગંબર બનાવીને મોકલ્યા તેમણે ઇનસાનોને ખુદાના માર્ગ પર લગાડવા અને મી૦ શેતાનના ફંદામાં ન ફસાવા ઘણી હિદાયત કીધી તો પણ મી૦ શેતાને પોતાની મકરબાજ જાળથી હજરત આદમ અ૦ ના ગુજરી જવા બાદ તેમની ઉમ્મતને પથ્થરની પુજા કરાવવા માયલ કરી દીધી.

હજરત બારીતાલાએ ત્યાર બાદ હજરત નુહ અ૦ ને પેગબર બનાવી મોકલ્યા. તેમણે ૧૪૦૦ વર્ષ સુધી ખુદાની મખલુકને ખુદાના માર્ગની હિદાયત કીધી; પરંતુ લોકો મી૦ શેતાનના દાવપેચમાં હદ કુદાવી જઇ ખુદાઇ માર્ગથી વિમુખ થયા અને મી૦ શેતાનની શીખવણીથી અગ્નિની પુજા કરવા લાગ્યા.

ત્યાર બાદ ઇનસાનોની હીદાયત માટે હકતાલાએ હજરત મુસા કલીમલ્લાહને પેગમ્બર મુકરર કરી મોકલ્યા. મી૦ શેતાને તેમની ઉમ્મતને પણ અવળે રસ્તે ચડાવી આપી. જ્યારે તેઓ કોહેતુર પર ગયા હતા ત્યારે વાછડાની પુજા કરવા તરફ વાળી લીધી. આવી રીતે મી૦ શેતાનની કોશીષથી ગાયના વાછડાની પુજા પત્રી શરૂ થઇ.

ત્યાર બાદ ખુદાવંદે કરીમે મખલુકની હિદાયત માટે હજરત ઇસા પેગમ્બરને અંજીલ નામની કીતાબ સાથે મોકલ્યા. પણ તેમની ઉમ્મતને શેતાને ફરેબ આપી અંજીલમાં ઘણો વધારો ઘટાડો કરાવી નંખાવ્યો અને ખુદાપાકની ઇબાદતથી બેનસીબ રાખી બાપ, દીકરો અને જીબરઇલ એ ત્રણ મળી એક ખુદા સમજાવી દીધો. સાથેજ તેમને હજરત ઇસા તથા બીબી મરીયમની મુર્તિઓની પુજા પત્રી કરાવી.

ત્યારબાદ હજરત બારીતઆલાએ હજરત મોહંમદ મુસ્તફા સ૦ ને દુનિયાનું કુફ્ર તોડવાને માટે પેગંબર બનાવી મોકલ્યા. અને તેમના ઉપર કીતાબ કુરાન નાજીલ કીધી અને તેમાં સાફ સાફ ચેતાવી આપ્યું કે મી૦ શેતાન તમારો કટો શતરૂ છે. તેનાથી બહુજ સંભાળતા રહેજો, ઉપરાંત કેટલી એવી ઉમદા તદબીરો કીધી કે કોઇ પણ માણસને બહાનું કે હીલા કરવાનો વખત બાકી રહે નહીં.

પહેલી તદબીર એ કીધી કે " લા ઇલાહા ઇલલલ્લાહ મોહમ્મદ રસુલલ્લાહ અલીયુન વલીયુલ્લાહ વસીયો રસુલ્લાહ " જી-

ભથી પડે અને તેના અર્થ સમજે કે "બંદગીને લાયક ખુદા સિવાય બીજું કોઇ નથી અને હજરત મોહંમદ સ૦ તેના મોકલેલા રસુલ છે. અને હજરત અલી અ૦ અલ્લાહના ઓલીયા અને પેગમ્બરના વસી છે" આ તદબીર એટલા માટે કીધી કે પાછળથી કોઇ તે બાબતનો ઇનકાર કરી શકે નહિ. આ તદબીર પર અમલ કરવામાંજ મુસલમાની સમાએલી છે.

બીજી તદબીર એ કીધી કે કુરાને મજીદ વ ફુરકાને હમીદમાં વારંવાર સાફ સાફ ફરમાવી ચેતાવી આપ્યું કે "અગર કોઇ માણસ ખુદા સિવાય બીજા આગળ પોતાનું માથું નમાવશે અને બીજાને હાજત પુરી કરવાવાળો અને ફાયદો ગેરફાયદો પહોંચાડવા વાળો સમજશે તે હરગીજ મુસલમાન નથી. અને જેણે બીજાને ખુદા સાથે શામીલ કીધો તે હરગીજ માફીને પાત્ર રહેશે નહીં.

ત્રીજી તદબીર એ કીધી કે દરરોજ પાંચ વખતની નમાજ વાજીબ કીધી અને તે દરેક નમાજની રકાતોમાં અલહમ્દનો સુરો પડવાનો હુકમ આપ્યો. જેમાં દરેક બંદો ખુદ પોતાની જીભથી ખુદાની રૂબરૂ અરજ કરે છે કે 'ઇય્યાકા ના અબોદો વ ઇયાકા નસતઇન" એટલે "અય પરવરદીગાર, અમો તારીજ બંદગી કરીએ છીએ એમ કહેવડાવવાથી એ મુરાદ છે કે બંદો પોતાની જીભથી કહીને નામુકર ન જાય અને ખુદા સિવાય બીજા કોઇની મદદ ન માગે.

ચોથી તદબીર એ કીધી કે નમાજ માટે પાંચે વખત દરેક મોહલ્લામાં અઝાનનો હુકમ આપ્યો. એટલા માટે કે મોટા અવાજથી મોઅઝ્ઝન પુકારીને તમામ લોકોને સંભળાવતો રહે અને મુનાદી કરે કે "અશહદો અન લાઇલાહા ઇલલલ્લાહ" એટલે "ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઇ બંદગીને લાયક નથી." આમ કહેવડાવવાથી એ મુરાદ હતી કે ઉમ્મતે મોહમ્મદીના લોકો આ વાતને ભુલી ન જાય અને બીજા કોઇને ખુદા ઠેરાવી તેની પુજા કરવા ન લાગે; પરંતુ અફસોસ ! કેટલાક એવા નામના મુસલમાન કહેવડાવવા વાળા સર્વ શક્તિવાન મહાન ખુદાને પડતો મુકી તેના બંદાની બંદગી કરે છે અને પોતાની જહાલત અને હઠધર્મીથી દુર રહેતા નથી.

ઉપર જણાવ્યા મુજબની ખુદાતાલાની પોતાની જાતમાં કોઇ બીજાને ઇનસાનો શરીક ન કરે તેની જાહેર તદબીરો છતાં, ઇસલામોઓમાં કેટલાક એવા લોકો પણ હસ્તી ધરાવે છે કે, જે સર્વ શક્તિવાન ખુદાને તજી તેના બંદા હજરત અલી અ૦ ને ખુદાની જાતમાં શરીક કરે છે.

અમો ઇસલામીઓ જાણીએ છીએ કે ખુદા વાહેદહુ લાશરીક છે અને તેવી તાલીમ સઘળી આસમાની કીતાબો અને પેગમ્બરોએ સમજાવી આપી છે તો પછી સઘળી આસમાની કીતાબો અને પેગમ્બરોના હુકમની અમાન્યતા કરી હાથમાં દીવો લઇ કુવામાં પડવા જેવું અમો કરતા નથી અને જેઓ

કરે છે તેને પણ ખુદાતાલા અમારા જેવી સાચી સમજ આપે એવી દોઆ કરીએ છીએ.

મી૦ શેતાન ખુદ સમજતો હતો કે ખુદાતાલા બરહક છે. અને ઇબાદત તેનેજ સજાવાર છે; પણ મગરૂરી અને ફીલસુફીમાં ફસાઈ જઇ પોતાનું ડહાપણ ડોળવા નીકળયો; પણ જેમ કાદવ ડોળવાથી ઉલટી ખરાબીજ થાય છે તેમ મી૦ શેતાન લાઅનતનો તોક પહેરી હજરત બારીતાલાની દરગાહથી હંકારી કહાઢયો.

સાથેજ અમો ઇસલામીઓ એ પણ જાણીએ છીએ કે ખુદાની જાતમાં શરીક કરવું ખુદાતાલાને પસંદ નથી; કેમકે જો પસંદ હતે તો પોતાની આસમાની કીતાબોમાં તેના માટે આટલા બધાં આકરા સખુનો ફરમાવતે નહિ. ફીરઓન તથા નમરૂદ ખુદાઇ દાવો કરવાના કારણે અલ્લાહોતાલાની મોટી ખફગી વ્હોરી ગયા છે. ખુદાતાલા અમો ઇસલામીઓની પેઠે સઘળાઓને ખુદાની જાતમાં શીર્ક કરવાથી બચાવે અને ખુદા વાહદહુ લાશરીકની પાક જાત આગળ પોતાની ગરદન નમાડવાની હિદાયત બક્ષે.

ખરો ખુદા શોધી કાઢો.

આ ગોળાકાર સૃષ્ટિ પર ઘેરાએલા લગભગ સઘળા માનવીઓ ખુદાતાલાની હસ્તીનો સ્વીકાર કરી તેને લગતી જુદી જુદી માન્યતાઓ ધરાવે છે, પરંતુ તેને પિછાણવાની ખરી ક-

સોટીથી અજાણુ હોવાના કારણે સંખ્યાબંધ લોકો પોત પોતાની મરજી મુજબ અને કેટલાકો તો તદન મુર્ખાઇને આધીન થઇ હસવા સરખી માન્યતા હાથ ધરી બેઠા છે. ખુદાને માનવાને લગતી આવી જુદી જુદી માન્યતાઓમાંથી ખરી માન્યતાને તારવી કહાડવાની કુદરતી ઇચ્છા મને થઇ આવી. હું જાણતો હતો કે જ્યાં સુધી ખરા ખુદાને પીછાણવામાં ન આવે ત્યાં સુધી જે કાંઈ ઉપાસના કરવામાં આવશે તે અકારત જશે; બલ્કે નેકી બરબાદ ગુનાહ લાજીમની કહેતી મને લાગુ પડશે. આવો વીચાર આવતાંજ મેં ખરા ખુદાને પીછાણવા પ્રયત્ન કાધો અને ખુદાતાલાની કૃપાથી તેમાં મને જે સાફલ્યતા મળી, તેનો ટુંક હેવાલ નીચે રજુ કરૂં છું.

પ્રથમ મારા જોવામાં આવ્યું જે કેટલાક લોકો સુર્યને પ્રકાશીત અને સુખદાઇ સમજી તેની બંદગી કરે છે પણ સાથેજ મારા જોવામાં આવ્યું. જે સુર્ય વાદળા અને ગ્રહણ વખતે પોતાનો પ્રકાશ દેખાડી શકતો નથી, ગ્રહણ તથા વાદળાં તેના પર ગાલેબ થઇ જાય છે. તેથી હું કહું છું કે સુર્ય ખુદા હોઈ શકે નહિ. કેમકે જો તે ખુદા હોય તો તેને ગ્રહણ તથા વાદળાંને આધિન રહેવાનું શું કારણ ?

કેટલાકો પથ્થર, ધાતુ કે લાકડાની મુર્તિઓ બનાવી તેને ખુદા કહી તેની બંદગી કરતા મારા જોવામાં આવ્યા, આવી મુર્તીઓ કારીગરો સિવાય થઇ શકતી નથી તેથી તેના ઘડનારની કીંમત તેમના કરતાં વધી જાય છે. વળી તેમને તોડી

પાડવામાં આવે યા પાણીમાં ડુબાડી દેવામાં આવે તો તે પોતાનો સ્હેજ બચાવ પણ કરી શકતી નથી. આમ હોવાથી હું કહી શકું છું કે મુર્તિઓ ખુદા હોઇ શકતી નથી.

કેટલાકો અમુક માણસને ખુદા ઠેરવે છે આવા ઠેરવી લીધેલા ખુદાને હું જોઉં છું કે તે તદન નિર્બળ અને મોહતાજ છે. તેને જો ખાવા પીવા ન આપવામાં આવે તો તે મરી જાય છે. તેને જો કપડાં લતાં કે ઘરબાર ન આપવામાં આવે તો તે સુરજના તાપથી શેકાઈ જાય છે. તેને જો ગાડી ઘોડો કે રેલ ન આપવામાં આવે તો તેના ટાંગા ગળી જાય છે. તેને જો વધારે કામ સોંપવામાં આવે તો તે થાકી પાકી લોથ થઇ જાય છે. તેને પોતાનું શરીર સુધારવાને પૌષ્ટિક પકવાનો તથા દવાઓ વાપરવી પડે છે. તેને કોઇ જગોએ કાગળ લખવો હોય અને પોસ્ટ ઓફીસ આશરો ન આપે તો એટલો તો મોહતાજ અને લાચાર થઇ જાય છે કે તેનાથી પોતાના મિત્ર યા કુટુંબીની ખબર મેળવી શકાતી નથી. તેને રહેવા માટે ઘરની તજવીજ કરવી પડે છે. મતલબ કે તેનું કોઇ પણ કામ બીજાઓની મદદ વિના થઈ શકતું નથી. આવી રીતે જે ખુદા બીજા અદના પ્રાણીઓનો મોહતાજ હોય તે બીજાઓને શું લાભ કે સહાયતા આપી શકે? અને તેથી એવા માણસને હું ખુદા કહેવાને યોગ્ય નહિ ગણું. મને તેમાં લેશ માત્ર ખુદાઇ સીફતો માલુમ પડતી નથી. કેમકે જે માણસ પોતાનેજ દરીયામાં તારી શકતો નથી તે બીજાઓને

શું તારી શકવાનો હતો? પોતે મોતથી બચી શકતો નથી તે બીજાઓને શું અનંત જીવીકા આપવાનો હતો? આમ કહેવાથી હું કહી શકું છું કે, મનુષ્ય ખુદા હોઇ શકતો નથી.

કેટલાકો પ્રથમના જુના વખતના માણસોને પસંદ કરી તેમને ખુદા કહે છે. તેવાઓની કથાઓ તરફ હું જયારે નજર નાખું છું. તો ખામખા મને તેવા ખુદાઓથી તિરસ્કાર ઉત્પન્ન થાય છે, કેટલાક ખુદાની બાયડીઓને કોઈ રાક્ષસો ઉપાડી ગએલા અને કેટલાક ખુદાઓ રક્ત કોઢીયા હતા. કેટલાકો માછલાના આકારના અને કેટલાકો લાંબા તો કેટલાકો ઠીંગણા હતા કેટલાકો સ્ત્રી વગરના હતા તો કેટલાકો સંખ્યાબંધ સ્ત્રીઓ હતી. કેટલાકો અનિતીવાળા અને કેટલાકો વ્યભીચારી હતા, તેમ તેઓ એક ઇનસાનની પેઠે પોતાની સઘળી બાબતોમા મોહતાજ અને પરાધીન હતા, હવે આપજ કહો કે આવા ખુદાઓને હું મારો ખુદા કેમ કહું? મારૂં મન તો તેમને ખુદા કહેવાને જરાપણ લલચાતું નથી.

કેટલાકો કહે છે કે ખુદા અને તેને બાલબચ્ચાં છે અને તે બાપ દીકરો મળી દુનીયાનું કામ ચલાવે છે. જયારે દીકરો છે તો પછી કોઇ દીવસે તે પણ બાપ થવાનો અને નસલ દર નસલ ખુદાની સંખ્યા વધતી જવાની અને જેમ જેમ સંખ્યા વધતી જવાની તેમ તેમ પ્રથમના ખુ: ઓ નીસ્તો નાબુદ થતા જવાના. આ ખુદાઓ પણ તદ્દન મોહતાજ અને પરાધીન

હોવાના. હું કદીપણ એવા પરાધીન ખુદાને માનવાનો નથી, મારૂં મન તેમને માનવાને કબુલતુંજ નથી.

જ્યારે લોકો ઉપર મુજબ ભુલથાપમાં પડી અશકતો અને મોહતાજોને પોતાના ખુદાઓ ઠરાવી તેમની બંદગી કરે છે તો મારે વિશેષ બુદ્ધી બાપરી લાયક ખુદાને શોધી કહાડવાને શા માટે યત્ન ન કરવો? જે ખુદાએ મને સત્ય માર્ગ શોધી કહાડવાને સમજ આપેલી છે તેનો મારે શા માટે ઉપયોગ ન કરવો?

હવે ખુદાને શોધવા મારે મારી આંખને આખી આલમ પર દોડાવવી જોઇએ. અને તેમ કરવાથી મને જે વધારેમાં વધારે બળવાન જણાય તેને મારે ખુદા માનવો જોઇએ. મારી આ ધારણા પાર પાડવામાં મેં કેવા કેવા લોકોને સંબોધ્યા તેનું ટુંક વર્ણન નીચે આપું છું.

જો કોઈ દોલતમંદ અને તે પણ એવો દોલતમંદ કે જેની પાસે દુનિયામાં સઘળા લોકો કરતાં વધારે દોલત હોય અને તેવા દોલતમંદનેજ જો ખુદા કહેવો જોઇએ તો પ્રથમ અમેરીકાના અબજપતી અને ગ્યાસલેટ તેલના શાહ બેપારી રોક ફીલરને મારે ખુદા કહેવો જોઇએ. કેમકે તેની પાસે દુનીઆના કોઇપણ બાદશાહ પાસે નથી તેટલી દોલત છે. ઈંગ્લાંડના શહેનશાહ, જર્મન શહેનશાહ, રશીઆનો ઝાર અને જાપાનનો મીકાડો વીગેરે મોટા શહેનશાહો કરતાં એની પાસે ઘણી દોલત

છે. આ દોલતમંદને જોઈ અને જો કોઈ દોલતમંદજ ખુદા ઠરી શકતો હોય તો મારે આ માણસને શા માટે ખુદા ન કહેવો? પરંતુ હું જ્યારે તેના જીવન ચરિત્ર અને તેની મોહતાજ અને પરાધીન સ્થિતિ તરફ નજર કરૂં છું તો મને માલુમ પડે છે કે તે ખુદા હોઇ શકે નહિ. તે મોત બીમારી અને કંગાલીયતને આધીન છે. તે જેમ એક વખતે ગરીબ છોકરો હતો તેમ ભવિષ્યમાં ગરીબ માણસ થઇ જવા સંભવ છે. તેના વેપારમાં ખોટ આવવા સંભવ છે. તેની આબરૂમાં ખલેલ આવવા કારણ છે, એટલી ગંજાવર દોલત છતાં જો તેની એક આંખ ફૂટી જાય તો તે નવી કરી શકતો નથી, તેના છોકરાની ગરદન કોઇએ ઉરાડી દીધી હોય તો તે પાછી જોડી જાન આપી શકતો નથી. માટે હું તો આવા તવંગર પણ પરાધીન માણસને કદી પણ ખુદા નહિ કહું" જ્યારે એક દોલતમંદ માણસ પણ ખુદાઇને તદન નાલાયક ઠરે છે તો પછી હું ખુદાની વધુ તપાસ કરીશ અને જરૂર મેળવીશ.

દોલતમંદ માણસ તો ખુદા ઠરી શક્યો નહિ. ત્યારે હવે જેની પાસે પુષ્કળ લશ્કર અને બળવાન યોદ્ધાઓ હોય તેને મારે ખુદા કહેવો જોઇએ, આજકાલ આવો ખુદા ઠરી શકનારો ઇંગ્લાંડનો શહેનશાહ જ્યોર્જ છે. તેની પાસે ઘણું લશ્કર છે અને પુષ્કળ બળવાન યોદ્ધાઓ તેની પાસે છે, તેની પાસે મોટી શહેનશાહત છે. જો કોઇ મોટા લશ્કર અને બળવાન યોદ્ધા ધરાવતા માણસને ખુદા કહી શકાતો હોય તો પછી મારે આ

શહેનશાહ જયોર્જને શા માટે ખુદા ન કહેવા? કહેવાજ જોઇએ. પરંતુ તે હાલમાં ઘરડો થઈ ગયો છે તેથી તેની જીંદગી લાંબી ટકી શકવા સંભવ નથી. તે ગમે તેટલાં વધુ વર્ષ જીવે તોપણ મનુષ્યની જીંદગી થઈ શકે છે તેથી તે કાંઇ પોતાની જીંદગીને આગળ વધારી શકશે નહિ. તેમજ તે પોતાની હાજતો અને બીમારીઓમાં પણ પોતાના તાબાના લોકોને મોહતાજ છે. માટે આવા થોડા સમય માટે બળવાન બનેલા અશક્ત અને પરાધીન બંદાને હું મારો ખુદા ઠેરવી શકતો નથી, ત્યારે હજુ મારે મારી તપાસ આગળ ચલાવવી જોઇએ.

જ્યારે લશ્કરના બળવાન શહેનશાહને હું ખુદા કહી શકતો નથી અને તેવો માણસ ખુદા ઠરી શકતો નથી તો પછી જેની પાસે વધારે વિદ્યા-કલા વિશેષ હોય તેનેજ ખુદા કહી શકાતો હોય તો મારે જર્મનીના અને અમેરીકાના લોકોને શા માટે ખુદા ન કહેવા? કહેવાજ જોઇએ; પરંતુ તેઓ એક મનુષ્ય હોઇ તદન અસમર્થ અને લાચાર છે. તેઓ મરી ફીટી જાય છે. માંદા પડે છે વીગેરે વ્યાધિઓથી મુક્ત નથી અને જ્યારે તે અનેક રીતે લાચાર અને પરાધીન છે તો પછી મારૂં મન તેમને ખુદા કહેવાને કબુલતું નથી માટે હું તેને ખુદા કહેતોજ નથી. જ્યારે તે પણ મારી કસોટીથી ખુદા ઠરી શકતા નથી તો પછી મારે મારી તપાસને આગળ લંબાવવી જોઇએ.

મારી તપાસ આગળ લંબાવતાં પહેલાં મારે પ્રથમની તપાસથી જે કબૂલ કરવું જોઇએ, કે દોલતમંદ, લશ્કરી બળ-

વાન રાજા અને વિદ્યા-કળાવાળા પુરૂષોને મેં જોઇ લીધા; પરંતુ તેઓ કાંઈ ખુદા ઠરી શકયા નહિ અને તે કરતાં કાંઇ વધુ દોલતમંદ, લશકરી બળવાન પુરૂષ કે વિદ્યા-કળાના પ્રવીણ પુરૂષો જણાંતા નથી, તો પછી મારે મારી તપાસને વધુ બારીકાઇથી અને વધુ તિક્ષણ બુદ્ધીથી આગળ ચલાવવી જોઇએ.

મેં ઘણા ધર્મ પુસ્તકોને વાંચ્યા; પણ તેમાં પુર્ણ લાયકાત મુજબના ખુદા ઠેરવેલા જોયા નહિ. હવે જો કોઇ પુસ્તક રહી જતું હોય તો, તે મુસલમાન લોકોનું કુરાને મજીદ અને તેના પેગમ્બરના વચનો કે, જેને હદીસો કહેવામાં આવે છે તે બાકી રહી જાય છે. જયારે હું અનેક માર્ગોથી નાસીપાસ થયો છું તો પછી કુરાન તથા હદીસોથી માહીતી મેળવી મારે મારી તપાસ શા માટે ન કરવી જોઇએ? ખરેખર હું તપાસ કરીશ અને મારી ઇચ્છાઓ પૂર્ણ થએલી જણાશે તો, મને મારી આટલી મહેનતનો બદલો મળી ચુકયો છે એમ માનીશ.

કુરાન અને હદીસોનો મેં અભ્યાસ કીધો. તેના અભ્યાસથી મને માલુમ પડયું કે ખુદા સર્વજ્ઞ; શક્તિવાન, સર્વ વ્યાપાક નિરંજન નિરાકાર અને અવિનાશી છે, તેણેજ સર્વ વસ્તુ રચી છે અને સર્વ વસ્તુ પર તેનીજ સત્તા ગાલેબ છે. કુરાન તથા હદીસના શિક્ષણે વિશેષમાં એમ પણ જણાવ્યું કે અગ્નિ, મુર્તિ કે મનુષ્ય ખુદા હોઇ શકતા નથી. કુરાન તથા હદીસનું શિક્ષણ જણાવે છે કે હજરત અલી અ. ખુદાના એક પ્યારા બંદા છે.

કોઈ તે ખુદા નથી જે લોકો તેને ખુદા જણાવે છે તે સત્ય મજહબ પારખી કહાડવાની કસોટીથી અજ્ઞાન છે તેમજ કુરાન તથા હદીસ વિરૂદ્ધ પોતાની માન્યતા લઈ બેઠા છે કુરાનના આવા વિચારો મને તદન બુદ્ધિ સાથે મળતા જણાયા અને તેથી મેં ઇસલામ મઝહબ ગ્રહણ કરી તેમાં વર્ણવેલી સીફાતોવાળા ખુદાને માનવા માંડયો છે.

આવી રીતે પૂર્ણ તપાસથી ખુદાતાલાને માનવાની ખરી કસોટી હાથ લાગ્યાથી હવે હું અગ્નિને, મુર્તિને કે મનુષ્યને ખુદા કહેતો નથી. હજરત અલીને અલ્લાહના બંદા અને પેગમ્બર હજરત મોહંમદ મુસ્તફા સ૦ ના વસી બરહક માનું છું. હવે હું મારા એવા ભાઇઓને કે જેઓ ખરા ખુદાને પિછાણવા પામ્યા નથી તેમને વિનંતી કરૂં છું કે તેઓએ પણ મારી પેઠે બુદ્ધિની કસોટીથી ખુદાને પિછાણવા તજવીજ કરવી. જો તેમ નહિ કરવામાં આવે તો તેઓ પોતાના પેદા કરનારને ઓળખવા પામ્યા નથી એવો તેમના પર આરોપ આવશે. અને જે ખુદા નથી તેવાને ખુદા ઠરાવી લઈ તેની ઉપાસના કરવાથી તેમની સઘળી મહેનત બરબાદ અને ગુનાહ લાઝીમ થશે.

પીરનું પોકળ.

"પીર કેવો જોઇએ?" નો લેખ લખવાની સઘળી સામગ્રી ટેબલ પર પડી હતી. તેટલામાં બે ચાર મિત્રો આવી

લાગ્યા. "પીર કેવો જોઇએ?" એ સબંધે તેમની સાથે કેટ-લીક વાતચિત થઇ અને પછી તેઓ ચાય લઇ વીદાય થયા અને "પીર કેવો જોઇએ?" નો લેખ લખી હું ઘેર જઇ બીસ્તર પર ગયો. રાત્રીના દસ વાગ્યા હતા. સઘળો જાપ જંપી ગયો હતો પુનમનો ચંદ્રમા પુર્વ તરફની બારીમાં ઘુસી જઇ, મચ્છરદાનીમાંથી ચાયણી જેવો પ્રકાશ બીસ્તરમાં નાખવા લાગ્યો. મચ્છરદાનીના છેડા ચારે તરફથી પુરેપુરા દબાવેલા હોવાથી મચ્છરો કેવી રીતે અંદર ઘુસી મારૂં લોહિ પીવું તેની યોજનાઓ કરતાં આમ તેમ અરસ પરસ વાતો કરતા હતા. મેં ઉંઘાઇ જવા માટે આંખો બંધ કરી, આળોટવા માંડયું પરંતુ સઘળી મહેનત ફોકટ થઇ કેમકે ઉંઘનો કાતીલ ચાય ચા, રાત્રીએ મિત્રો સાથે પીવાયો હતો. ઉંઘ નહિ આવે તો નહિ; પણ ગુમસુમ આંખો મીંચી પડી રહેવાથી દીવસનો થાક તો દુર થશેજ, એમ ધારી હું બીસ્તર પર આંખો મીંચી આળોટતો હતો. કમબખ્ત ચાયના કપનું ખુદા સત્યાનાશ કરે, કે અગિયાર વાગ્યા, બારનો ટકોરો થયો; પણ ઉંઘનો પતો લાગ્યો નહિ. છેવટે જયારે એક વાગ્યો ત્યારે ઉઠી ઉભો થયો અને વઝુ કરી નમાઝે શબ પઢવામાં ગુંથાયો. નમાજમાં દીલ પરોવાયું તેથી પરેશાની ભર્યા ખ્યાલો દુર થયા અને નમાજથી ફારેગ થઇ જેવો બીસ્તર પર ગયો કે તુરતજ આંખ લાગી ગઈ અને હું સ્વપ્નમાં પોતાને કોઇ બીજીજ દુનિયામાં જોવા લાગ્યો.

હું મારી અસાધારણ અજાયબી વચ્ચે શું જોઉં છું કે, એક મોટું દ્રષ્ટિમાં ન સમાઇ શકે તેવું મેદાન છે. મુંબઇના બજારોની જેમ જયાં જોઉં ત્યાં માણસોજ માણસો નજરે પડે છે. મેં બહુજ નીરખીને જોયું તો, તેઓમાં એવા પણ કેટલાક માણસો જોવામાં આવ્યા કે, જેમને હું કાંઇક પિછાણતો હતો. પરંતુ નવાઇ જેવી બીના તો એ હતી કે, તે પિછાણવાળા માણસો દુનિયામાંથી કુચ કરી ગયા પૈકીના હતા. બીજા પરકોમના તથા પર ધર્મના પણ સઘળા ગુજરી ગયા પૈકીના માણસોજ ત્યાં હતા. આ સઘળી સ્થિતિ જોઇ હું બહુજ ગુંચવાયો; પણ હું મારી ગુંચવણને પોતાની મેળે ઉકેલી શકયો નહિ.

મેં જોયું કે, સઘળા માણસોના હાથોમાં કાગળો છે જેમાં કાંઇ લખેલું છે. તેઓ દરેક કાગળો વાંચે છે અને કેટલાક વાંચ્યા પછી, ખુશી થાય છે અને કેટલાકો વાંચ્યા પછી દીલગીર થાય છે. કેટલાકો ઘડી ખુશી થાય છે અને ઘડી દીલગીર થાય છે. આ શી હકીકત છે તે જાણવાની આતુરતાને હું વધુ વાર થોભાવી શકયો નહિ અને પાસેના એકને જઇ પુછયું કે, ભાઇ આ તારા હાથમાં કાગળ શાનો છે? અને તેમાં શું લખેલું છે? અને ઘડી ખુશી અને ઘડી દીલગીર થવાનું શું કારણ છે?

તેણે જવાબ આપ્યો કે, અય સખસ શું તું નથી જાણતો કે, આ હશરનું મેદાન છે સઘળા લોકો જે મરી ગયા છે તેનો આજે ખુદા હીસાબ માગવાનો છે. દરેક માણસે દુનીઆ-

માં જે જે આમાલો કીધા, તે કેરામુન કાતેબીન નામના ફરીસ્તાઓએ નોંધી રાખેલા હતા. તે નોંધના કાગળો દરેકને આપવામાં આવ્યા છે. તે નોંધમાં તે માણસે જે સારા કામો કરેલાંનું નોંધાયું છે તે વાંચી તે ખુશી થાય છે અને ગુનાહો કર્યાનું જે નોંધાયું છે તે વાંચીન દીલગીર થાય છે. અને જો પેલી તરફ ખુદાતાલાની કોર્ટ બેઠી છે ત્યાં એક પછી એક દરેકને બોલાવી તેના આમાલનો હીસાબ લેવામાં આવે છે. જો તેણે સારાં કામો કર્યાં હોય તો, તેને જન્નતમાં અને જો તેણે ગુનાહનાં કામો કરેલાં હોય તો, તેને દોજખમાં નાખવાનો હુકમ થાય છે અને તે હુકમ પ્રમાણે ફરીસ્તાઓ તુરતજ અમલ કરે છે.

ખુદાતાલાની ન્યાયકોર્ટ જોવાની ઈચ્છા વધતાં, હું તે તરફ ચાલ્યો; તો માર્ગમાં એક મોટું મકાન નજરે પડયું. ચોકીદાર કોઈ નહિ હોવાથી હું અંદર ગયો, તો શું જોઉં છું કે, તે મકાન જેલખાનું છે. ચારે તરફ લોઢાની જાળીવાળા ઓરડામાં કેટલાક જુદી જુદી સુરતોના માણસો કેદ થયાં છે. કોઈનું માથું સુવ્વરનું તો કોઈનું રીંછનું, કોઈના પગમાં બેડી તો, કોઈની ગરદનમાં ભારી તોક છે. કોઈ રડે છે. બુમ પાડે છે તો કોઈ નિશ્વાસ ખેંચે છે. આ સઘળાની સ્થિતિ જાણવાનું તો એકબાજી નહિ બને એમ સમજી, હું એક જણ પાસે ગયો કે, જેનું મુખ ડુક્કરનું થઇ ગયું હતું.

હજુ હું તેને કાંઇપણ ખુલાસો નહોતો પુછી શકયો, તેટલામાં હું શું જોઉં છું કે, જેલખાનામાં કેટલાક કદાવર તથા

બીહામણા દેખાવના સિપાઇઓ હાથમાં હાથકડીઓ લઈ અંદર દાખલ થયા અને હું જે માણસને ખુલાસો પુછવા માગતો હતો તેની પાસે આવ્યા અને બારણું ખોલી, તે કેદીને હાથકડીમાં જડી, ગળામાં તોક તથા પગમાં બેડી નાંખી. દોરડા વતી ખેંચતાં ખેંચતાં જેલખાનાની બહાર લઈ ગયા. મેં વિચાર્યું કે જો હું તેમની પાછળ પાછળ જાઉં તો બધો ખુલાસો મેળવી શકું. તેથી તેવા ઇરાદાથી હું તેની પાછળ પાછળ ચાલ્યો. મને કોઇએ માર્ગમાં અટકાવ્યો નહિ.

હવે હું શું જોઉં છું કે મુંબઇની હાઇકોર્ટને પણ શરમાવે તેવી એક આલીશાન કોર્ટ છે. સઘળે રોબદાબ છવાઇ રહયો છે. ઉમેદવારો, વકીલો, બેરીસ્ટરો, કે મુખત્યારોનું ત્યાં નામો નીશાન નથી. ત્યાં લાગવગ કે લાંચ રૂશવતથી કોઈ પોતાનું કામ કાઢી શકતું નથી. જેવો જેણે ગુન્હો કર્યો હોય, તેવોજ ગુનેહગાર પોતે કબુલ રાખે છે અને ગુન્હાના પ્રમાણમાંજ સજા થાય છે. કોર્ટના વિશાળ હોલમાં કેસ સાંભળવા આવનારાઓ ભરપુર બેઠા છે. પેલા ગુનેહગારને પાંજરામાં લઇ જઇ ખડો કરવામાં આવ્યો અને તેના આમાલનામાનો ચોપડો તેના હાથમાં આપવામાં આવ્યો.

તેને કોર્ટ તરફથી પુછવામાં આવ્યું કે, "અય સખસ! અમોએ તને નીસ્તીમાંથી–હસ્તીમાં આણ્યો. તારા જન્મ સાથેજ તારા ખોરાક માટે તારી માતાના સ્તનમાં દુધ પેદા કીધું, તારૂં હીલોજનથી પાલણ પોશણ કરવાની તારા માત પીતાના

દીલમાં મહોબત પેદા કીધી. ખાવાને લીજ્જતદાર ખાણું, મીઠાઇઓ, મેવા વીગેરે. પહેરવાને ઉંચી કીસમના કપડાંઓ, ફરવા ફરવાને ઘોડા ઉંટ વીગેરે, પીવાને પાણી અને જીવવાને હવા, જે જોઇએ તે તારા માટે વગર માગે મોજુદ કીધું. જંગલી પ્રાણીઓ તથા બીમારીઓથી તું તારો બચવ કરી શકે તે માટે રસાયન તથા દવાઓના ભંડારો ભરપુર આપ્યા. અને એકંદરે તારા વહેમો ગુમાનમાં પણ રહિ આવી શકે તેવી દરેક નીયામતો તને પહોંચાડી. ખરૂં ખોટું પારખવાને બુદ્ધિ, સારૂં નરસું જોવાને આંખો સાંભળવાને કાનો, ચાખવાને જીભ, ચાલવાને પગ, કામ કરવાને હાથ વીગેરે વીગેરે તારા માટે હાજર કીધું અને અમોએ અમારો કોઇપણ એહસાન તારા પર કરવો બાકી ન રાખ્યો. આ સઘળી નીયામતો તથા એહસાનોનો શું એ બદલો હતો કે, તું અમારી નાફરમાની; બલ્કે તું અમારી સામે મુકાબલો કરવાને તઇયાર થઇ જાય? શું તેં લોકોને કપટજાળમાં ફસાવવાને ખુદાઇ દાવો નથી કીધો? શું તેં પોતે પેગંબરીનો દાવો કરી, મારી નાફરમાની નથી કીધી? શું તેં સ્વાર્થ સાધવા માટે જુદો ઇમામતનો દાવો નથી કીધો? શું તેં મારી વાહદાનિયતની તાલીમને તોડી પાડવાને ઇનસાન પરસ્તીનું શિક્ષણ નથી આપ્યું? શું તેં ઇસલામના કાનુનની વિરૂદ્ધમાં જઇ અવતારના કપોલ કલ્પિત શિક્ષણને જારી નથી કર્યું? શું તેં લોકો પાસેથી લાખો રૂપીઆની દોલત ખોટી રીતે નથી લીધી? શું તેં ગેરવાજબી રીતે લીધેલી દોલત ઉપર

એશો અશરત નથી માણી ? શું તેં મારા નીમાજ. રોજા તથા હજ, ઝકાત વીગેરેના ફરમાનોને મનસુખ નથી કીધા ? શું તેં મારા મકાનોને મારા કબજામાંથી નથી છીનવી લીધાં ? શું તેં લોકો પાસેથી ઝકાત તથા ખુમ્સનાં નાણાં છીનવી લઇ ખરા હકદારોના હકો નથી માર્યા ? શું તેં મારી કીતાબ કુરાનને એમ કહીને ઉડાવી નથી દીધી કે તે માત્ર શરીયતવાળા માટે-જ છે ? શું તેં પોતાના સ્વાર્થ માટે પોતાની પુજા નથી કરાવી ? શું તું મારી હરામ કરેલી વસ્તુને હલાલ નહોતો ગણતો ? શું તું માત્ર પ્રપંચ અને દગલબાજીથી લોકોના દીનો ઇમાન બરબાદ નહોતો કરતો ? શું તેં ખરી વાત કહેનારને હેરાનો પરીશાન નથી કીધા ? શું તે લાખો લોકોના દીનો ઈમાન બરબાદ નથી કીધાં ? શું તેં તારા સ્વાર્થને ખાતર લોકાનાં લીધેલાં નાણાં હજમ નથી કીધાં ?" મતલબ કે કોર્ટનું ભાષણ ઘણું લંબાણથી થયું અને તેમાં તે ગુનેહગારના દરેક ગુનાહો તથા નીચ કામો નામ તથા વીગતવાર બયાન કરવામાં આવ્યા અને ગુનેહગાર ગરદન નમાવી દરેકનો ઇકરાર કરતો ગયો.

કોર્ટનું ભાષણ પુરૂં થયું અને ગુનેહગારને કાંઇપણ કહેવું હોય તો, તે કહેવાનો વખત આપવામાં આવ્યો. આરોપી પોતાની ગરદન ઝુકાવી બોલ્યો કે, ! " અય મારા પરવરદીગાર ! તેં તારી જે જે ન્યામતો આપી, જે જે એહસાનો કીધાં તે તદ્દન ખરાં છે. તારી ન્યામતો તથા નવાજેશો આપવામાં તેં

કાંઈ ખામી રાખી નથી; પરંતુ મેં તે સઘળું ભુલી જઈ. શેતાનની પૈરવી કીધી અને તેં મારા જે જે ગુનાહો વર્ણવી બતાવ્યા તે સઘળા મેં કીધા એટલુંજ નહિ પણ મારા કારણે તારા લાખો બંદાઓને ગુમરાહ કીધા આજે મને તે માટે બહુજ પસ્તાવો થાય છે. અને જો તું મારા ગુનાહોને નહિ બક્ષે તો, હું કદીપણ દોજખના અઝાબથી બચું તેમ નથી તું ગફુરર રહીમ છો તેથી તું મારા સઘળા ગુનાહોને માફ કર અને મને બક્ષી આપ.

કોર્ટ તરફથી જવાબ મળ્યો કે આજનો દહાડો હીસાબનો છે અમલ કરવાનો દહાડો નથી. ગુનાહની માફીનો વખત તારી જીંદગી સુધી તને આપવામા આવ્યો હતો અને તે મુદત દરમિયાન તું ગુનાહો કરતો અટક્યો નહિ અને માફી પણ માગી નહિ. હવે શું મુખ લઈને તુ માફીની માગણી કરે છે. આજે તને કાયમને માટે દોજખની સજા ફરમાવવામાં આવે છે.

આ સજાનો હુકમ સાંભળતાંજ આ ગુનેહગાર પીરને ફરીસ્તાઓ દોજખ તરફ લઇ ચાલ્યા અને દોજખમાં ધકેલી ચાલતા થઇ ગયા. ત્યાર બાદ મેં આ પીરની દોજખમાં શી વલે થઇ તે પણ જોઈ, પણ હું તે તેને બીજે પ્રસંગેજ રજુ કરીશ. ગુનેહગાર પીરની દોજખની સ્થિતિ નીહાળી લીધી, તેટલામાં નજીકની મસજીદમાં મોઅઝને એઝાન પોકારી અને તેના અવાજથી મારી આંખ ખુલ્લી ગઇ જોઉં છું. તો ન તે ગુનેહગાર છે ન દોજખ છે. ન આમાલનામાં હાથમ. લઈલ

ભલા લોકો છે. ન તો તે જેલખાનું છે; પણ માત્ર માટી ઝુંપડા જેવું ઘર છે.

પીરની પીછાણ.

ધર્મ નીતિનું જ્ઞાન તથા વિદ્યાનું જ્ઞાન એ બે વસ્તુઓ ઉપર હરેક દેશનો સુધારવાનો આધાર છે. એ બે વાત થકી માણસો બીજા પ્રાણીનાં કરતાં પોતાની સ્થિતિ કેટલી ઉંચી છે તે જાણે છે. પોતાના પેદા કરનારને ઓળખે છે. જગતમાં સઘળી ચીજો સંપસંપીને રહેલી છે એમ જોઇને પોતે પણ કલેશ ટંટા દુર કરી સલાહ સંપથી રહે છે. દુર્ગુણ સદગુણ અને પાપ પુણ્ય શું છે તે સમજે છે અનેક વસ્તુનાં ઉપયોગ કરી જાણી, જીવતાં સંસાર સુખ ભોગવી મરણ પછી સ્વર્ગનાં સુખો મહાલે છે. પ્રાચીનકાળમા આપણા લોકો એ બે વાત સારી પેઠે સમજતા હતા. તેને લઇ તેઓની હાલત ઘણી સારી હતી. આજ કાલ એની આપણામાં ઘણી અછત છે. અને થોડી ઘણી છે એમ કદાપિ કહીએ તો તેમાં પણ ઘણીજ ખોડ છે એમ કહ્યા વગર ચાલે નહિ.

આપણી હાલત સુધારવાને અપણા લોકોએ ઉપલી બે વાત પર ધ્યાન પહોંચાડવું જોઇએ. એ વાત બનવી ઘણું કરીને ધર્મના ઉપદેશ કરનારા પીરોને હાથ છે. આજકાલ પીરો પોતાનો ધર્મ પોતે જાણતા નથી તો તેઓ પોતાના મુરીદોમાં કેવી રીતે સુધારો કરી શકે? માટે પીરોએ વિદ્યાભ્યાસ કરવો અને પ્રથમ પોતાના ધર્મને

પોતે સમજવો જોઇએ. પીર શબ્દથી ધર્મ; નીતીનું જ્ઞાન આપનારનું સુચન થાય છે.બીજી સઘળી દેહ કરતાં મનુષ્ય દેહ ઉત્તમ છે. મનુષ્ય દેહ માં વસનાર આત્માની મુકિત રૂપે, જે કલ્યાણ તે કરવાનો માર્ગ દેખાડનારા, તે પીરકહેવાય. પીર એટલે ધર્મના ગુરૂ. પુરા સંસ્કારીને સર્વ સારા આચરણોથી ભરેલા સમજવા. પીરમાં જે પ્રકારની લાયકાતો જોઇએ તેવા પુરા પીરો તો હાલના સમયે જોવા કઠીન છે. "સાપ ગયા ને લીસોટા રહ્યા"ની કહેવત પ્રમાણે લીસોટો રહ્યો હોય અને તે લીસોટા પર પીરો ચાલતા હોય એ પણ આજે તો:દુર્લભ થઇ પડયું છે.

પીરોએ એટલું કામ તો જરૂર જરૂર કરવું જોઇએ કે, તેઓએ ધર્મ, જ્ઞાન, તથા નીતિ સબંધી શાસ્ત્રોનો સારો અભ્યાસ કરવો. તેમાં લખેલી વાતોની સાચવટથી પોતાનાં મનનું સમાધાન કરી લેવું અને તે ઉપર પોતાનો વિશ્વાસ તથા ભાવ બેસાડી ખરા ધર્મનાજ અભિમાનના જોસમાં સાચો ધર્મ, નીતિ અને આચાર એ પોતાના મુરીદોમાં પ્રવર્તાવવા તેઓએ વિદ્યા, સારા વિચાર, ક્ષમા, સંતોષ. વિવેક, ઉદારતા અને ગંભીરતાના શોભીતા બખ્તર પહેરવાં જોઇએ. કાયા થકી અહંકારને આઘો ખસેડી તેઓએ ઇંદ્રિઓને જીતવી કુડકપટ, આશા, તૃષ્ણાનો ત્યાગ કરવો. પરધન અને પર સ્ત્રી જોઇને નજર બગાડવી નહિ અને કાંઈ વાતની ઇચ્છા પ્રમાણે ન બનેથી ક્રોધને કદાપિ વશ થવું નહિ. પીરોએ શંકા પુછનારાઓને ખરો રસ્તો બતાવવો. શતરૂ, મિત્ર સરખા ગણવા અને કાયા, વાચા અને મન

[illegible] જતે, પણ કોઇપણ વેળા નઠારી કલ્પના ન કરવી. તેઓએ પોતાનું બધું ધ્યાન ખુદા સાથે જોડી તેની આશા અને નીતિનો પોતાના મુરીદોને ઉપદેશ કરવો. તેઓએ બીજાને આપવાની શીખામણ પોતે પણ પાળવી.

ઉપર પ્રમાણે લક્ષણો ન હોય તેને પણ પીર કહી પીરના પવિત્ર શબ્દ ને ઉતારી પાડવો નહિ.

પીરોએ પોતાનાં પુરૂષ સ્ત્રી મુરીદોને પુત્ર પુત્રી પ્રમાણે ગણવાં જોઇએ. જેટલી મર્યાદાથી બાપે છોકરાં સાથે અને રાજાએ પ્રજા સાથે વર્તવું જોઇએ તેથી વધારે મર્યાદાથા અને વધારે ભારમાં તથા માનમાં પીરે પોતાના મુરીદો સાથે વર્તવું જોઇએ બાપના કરતાં પીર ઘણીએક વાતે શ્રેષ્ટ છે, તેના આપેલા જ્ઞાનથી સંસારમાં સાવધાનીથી સન્માર્ગે ચલાય છે અને ખુદાની ખુશનુદી પ્રાપ્ત કરવાની હિમ્મત ધરાય છે માટે તેણે મુરીદો તરફ પવિત્ર નજરથી જોવું જોઇએ. એક ડાહ્યા માણસે કહ્યું છે કે, જે પીર પોતાનાં સ્ત્રી પુરૂષો મુરીદોને દીકરી દીકરા પ્રમાણે ગણતો નથી. આશીર્વાદ દીધા વિના તેઓનું આપેલું ધન ભોગવે છે તો તેવા પીરને મહાન પુરૂષને વધ કરવા જેટલો દોષ લાગે છે.

આ જગતમાં નાણું અને સ્ત્રી એ બે ભલા ભલાને ભુરકી નાખે તેવી માયા છે, તેને જોઇ કોઇ માણસે બુદ્ધિ ફેરવવી નહિ એવું છે તો પછી પીરે તો તે બેમાં હરગીજ લાંબ[illegible]

થવું જોઇએ. જે પુરણ જ્ઞાન પામેલા છે તેને આ ખોટાં દ્રવ્ય અને ખોટી બૈરીઓ વગર આધારે શા સારૂ અંગીકાર કરવા જોઇએ? પીરને પૈસાનું તે વળી શું કામ હોય? માટે પીરોએ મુરીદો પાસેથી પૈસાની બિલકુલ આશા નજ રાખવી. સહજ વાતમા કોઇના ઉપર જુલમ કરી. એટલે તેની મરજી ઉપરાંત અથવા ધર્મનું બાનું બતાવી પીરે નાણું ન માગવું. લોભના આવેશમાં પૈસો એકઠો કરવા સારૂ પીરોએ અનીતિનાં અને પાપી આચરણો ન છુપાવવાં તથા છુપાવા દેવાં ન જોઇએ તેઓએ ધનની પ્રાપ્તી માટે નવાં નવાં કપોળ કલ્પીત ટેકસો નાંખી ધન નહિ હરવાં.

તેઓએ પોતે ગુનાહ માટે તોબા ન કીધી હોય છતાં; તેણે તે તોબા કરી છે એમ શીષ્યોને ન દેખાડવું જોઇએ પોતે ખોટી તોબાઓ ન કરવી અને મુરીદો પાસેથી નાણાં લઇ તેમનાં પાપો બક્ષી નહિ આપવાં જોઇએ અર્થાત કે તેઓએ પોતાનાં નકામા અને અઘટિત ખર્ચને વાસ્તે લોભમાં નાણું ભેગું કરવા માટે તાણીતુશીને ખુણામાંના અઘટીત દાખલાઓ ન કાઢવા જોઇએ. ધર્મ એ નાણું મેળવવાને કાજે છે તેમ તેઓએ ન જાણવું. તેઓએ ફાંકડા, લાલજી બનવાને અને અણઘટતાં ખર્ચો ઉઠાવવાને મુરીદોની ગરદનપર બોજો નાખવો જોઇએ નહિ.

એક ડાહ્યા માણસે કહ્યું છે કે—મા થઇને છોકરીને ઝેર

આપે, વાડ ખેતરને નુકશાન કરે, પીર થઇને પારકાનું ધન હરણ કરે, નારી થઇને નાત રૂપી જે ઘર તેને ડુબાવે, ચોકી દાર થઇને ચોરી કરે, પ્રીતમ કહેવડાવીને પ્રીત તોડે, રાજા થઈ રંક રક્ષક તલવાર હાથમાં ધરી રઇયતને દુઃખ દે, તો પછી બાકી શું રહ્યું ! એના જેવું બીજું હીણું કંઇજ નથી. પીર એ મુરીદનો પિતા, માતા તેના ખેતરની વાડ, તેના અંતઃકરણનો સ્નેહી અને તેઓનો રાજા તે બધું છે. એવો પીર જેને ખોળે મુરીદનાં શીર છે જેને આધીન મુરીદોનાં મન છે જેનાં ઉપર મુરીદોનું આ દુનિયાનું તથા પેલી દુનીયાનું સુખ આધાર રાખે છે તે પીર જ્યારે ગરીબ, ભોળા અને અજ્ઞાન સેવકોને વિશ્વાસઘાત કરી છળે. તો તે સરખું મહા પાતક બીજું કંઇ નથી.

પીર કહેવાય તેણે સંસારી વિલાસ વૈભવમાં ગરક્યા રહેવું અને તે પણ વળી અઘટીત રીતે, એ તેઓને મોટી શરમની વાત છે તેઓએ તો એમજ સમજવું જોઇએ કે હાથ, દાન ધરમ કરવાને આપ્યા છે. કોઇનાં નાણાં છીનવી લેવાને આપ્યા નથી. કાન આપેલા છે તે ધર્મ તથા નીતિ રીતી સાંભળવાને આપેલા છે રંડોના નાચ કે અનીતીની વાતો સાંભળવાને આપેલા નથી. આંખો નિર્દોષ વસ્તુઓ જોવાને અપાયેલી છે કાંઇ મુરીદોની વહુ દીકરીઓ ઉપર કુદ્રષ્ટિ કરવાને અપાયલી નથી. પીર થઇને ઘરેણાં, લુગડાં, ઘોડા, હાથી, સિપાઇઓ, મોટર વિગેરે ઉપભોગમાં લેવા એ પોતાના દરજાને કલંકરૂપ છે.

કીધેલા ઉપકારના બદલામાં અપકાર કરનાર, નઠારા છંદમાં પડેલો, પારકાની સ્ત્રી ભોગવનારો, લોભી એવો જે પીર, તેને ધર્મનો અધિકારી એટલે પીર ન બનાવવો જોઇએ.

શિષ્ય અને પુત્રમાં ભેદ નથી, મુરીદાણી અને પુત્રીમાં ભેદ નથી, પુત્રની સ્ત્રી અને મુરીદાણીમાં ભેદ નથી પીરે પોતાનાં આચરણ શુદ્ધ છે એમ બહારથી લોક લજ્જા ખાતર દેખાડવું નહિ; પણ ખરેખરા મનથી શુદ્ધ થઇ તે પ્રમાણે બહાર અને ઘરમાં શરીર ઉપર અને મનમાં વર્તવું જોઇએ. “પોથીમાંનાં રીંગણાં” એવી વર્તણુંક પીરે રાખવી નહિ. પીરોએ નિત્ય કર્મથી પરવારી પોતાના શિષ્યોને શાસ્ત્ર તથા નીતી રીતીનો ઉપદેશ કરવામાં પોતાનો વખત ગાળવો જોઇએ. ધર્મનાં જે પુસ્તકો હોય તેને વધુ વીસ્તારીને મુરીદોના મનમાં ઠસે એવી રીતે સમજાવવાં, સેવકોનાં મનની શંકાઓનાં મનનું સમાધાન કરવું, પોતાનાં ધર્મ પ્રત્યે વિધર્મીઓ જે અઘટીત આક્ષેપો મુકતા હોય તેનાં જવાબો આપી સમાધાન કરવાં, આક્ષેપો કરનાર કે શંકા કરનાર પ્રત્યે તોછડાઇ ન બતાવવી અને પોતાનાં મુરીદોને તેવા વર્ગ પ્રત્યે ઉશ્કેરાઇ ન જાય તેવી જાતનો બોધ આપવો.

પોતે બધા ધર્મ તથા તેના આચાર્યો સાથે મળતાપણું રાખવું, તેમની નીંદા ન કરવી, તેમના પ્રત્યે અદેખાઇ ન કરવી. પોતે પોતાના લાભને જોઇ ધર્મનાં સાધારણ પ્રસારમાં ખરા અંતઃકરણથી સૌએ અરસપરસ સહાય કરવી. પીરોએ એકજ

ઠેકાણે બેસી રહેવું નહિ કે મુરીદોથી તદન વેગળા થઇ જવું નહિ. દેશાટન કરીને, ટાઢ તડકા સહન કરીને, ઠેકાણે ઠેકાણે સુબોધ કરતાં રહેવું, તેણે પોતાનાં શિષ્યોનાં બાળકોને ધર્મનું જ્ઞાન આપવાને ઠામ ઠામ સ્કુલો ખોલાવી આપવી, અને તે સ્કુલોમાં ધર્મ તથા નીતિનું જ્ઞાન સારૂં અપાય તેવા માસ્તરો નીમવા.

એક ડાહ્યા માણસે કહ્યું છે કે—પ્રજાએ કીધેલું પાપ રાજાને લાગે છે. રાજાએ કીધેલું પાપ તેના શિક્ષકને લાગે છે. સ્ત્રીએ કીધેલું પાપ તેના ધણીને લાગે છે, મુરીદે પાપ કીધેલું તે તેના પીરને લાગે છે

પ્રજા પાપ ન કરે માટે રાજાએ તજવીજ રાખવાની છે. સ્ત્રી પાપ ન કરે માટે તેના પતિએ તેને નિતિ સમજાવ-વાની છે અને મુરીદ પાપ ન કરે માટે પીરે તેને સુબોધ આ-પવાનો છે. પીરો ઘણા પ્રકારના છે પણ ધર્મ નીતિનાં મર્મ જાણી તે પ્રમાણે વર્તનારા અને બીજાને વર્તાવી શકનારા પીરો પૃથ્વી ઉપર દુર્લભ છે. ઘેર ઘેર દીવા હોય છે તેમ પીરો પણ છે. પણ જે પીર સુર્યની પેઠે સૌને પ્રકાશીત કરે, તે પીર સર્વથી શ્રેષ્ટ અને દુર્લભજ હોવો જોઇએ, અંધ શ્રદ્ધાળુઓનું કાંઇક ચિત્ર નીચેના બેતોમાં જોઇ શકાશે.

દેતે હેં યેહ જાન ઉસી પર મરતેહેં નાદાન ઉસી પર
ફીરતે હેં ગેહ મસ્ત કલંદર અકલકે પીછે ડંડા લેકર

બાતીલકો હક્ક માન રહે હેં ઝેહરકો અમૃત જાન રહે હેં
કેહતે હેં કુહતરકો મેહતર સમઝે હેં બદતરકો બેહતર

બદકો નેક ઉન્હુંને સમઝા જાન લીયા કડવેકો મીઠા
નુર બતાતે હેં ઝુલ્મતકો આગ લગાતે હેં કુદરતકો

ખારકો એહમક ગુલ સમઝે હેં ઉલ્લુકો બુલબુલ સમઝે હેં
જુઝકો યેહ કેહતે હેં કુલ હે ઇનકી અકલકા ડીબ્બા ગુલ હે

કુફ્રકો કુફ્ર યેહ નાદાન સમઝે કુફ્રકો પાગલ ઇમાન સમઝે
મસજીદ સમઝે હેં મંદરકો ઇન્સાં કહેતે હેં બંદરકો

ઝુટેકો સમઝે હેં સચ્ચા હંસતા હે ઇન પર હર બચ્ચા
સુફી બદ અંદીશકો સમઝા નોશ ઉન્હુંને નેશકો સમઝા

સમઝો ઇનકો જેહલે મુજસ્સીમ હેં યેહ સબબે દાલકી બુદમ
ઇલ્મો અકલસે હેં યેહ આરી ઇનકો જેહલકી હે બીમારી

ફુટ ગઇ હુએ દોનું ઇન્કી આંખે ઝાહેર ઔર બાતેનકી
બને હુએ હેં જાહીલ મેંડે પીરૂકી શતરંજકે મોહરે

પીરૂસે ઉનકો મતલબ હે પીરહી ઇનકા મતલબ હુએ
ફર્ઝ હે પીરૂકી દીલજુઇ મઝહબ ચીઝ નહિ હે કોઇ

પીર બાત કહે યા બેજા કેહ દેતે હેં યેહ આમન્ના
પીર હકસે મુંહકો મોડે યા બાતીલસે રીસ્તા જોડે

પીર દીનસે રખના ડાલે બીદતકે કાનુન નીકાલે
પીરકે આમાલ બુરે હોં પીર દીલમેં કીના રખખે

પીર ઔર વોહ એહ ફરમાએ કોઈ ન ઇલ્મે દીં પડવાએ
પીર હો તાલીમકા દુશમન એહલે ઇલ્મસે રખખે અનબન
બદ મદારેસ કર દે સારે એહલે ઇલ્મકો ભુકા મારે
કોમકો પીર જાહીલ રખખે કોમકા પીર પૈસા ચખખે
કબરૂં પર મહેસુલ લગાએ વકફકા પૈસા ચટ કર જાએ
પીર ઔર ખાયન હો અયસા ખાજાએ ખુંમ્સકા પૈસા
પીર દીનસે હોકર ગાફીલ દુનિયાદારૂં પર હો માઇલ
પુરા દુન્યાદાર હો પીર મક્કાર ઔર બદકાર હો પીર
જીન્કા પેશા હો બદકારી વોહ પીરૂં કે હો દરબારી
પીર ઔર હો અયસા પીર વોહ લગતા હે કયસા પીર
પીરકા તા યેહ કામ નહિ હે દાવત ઇસ્કા નહિ હે
અસ્મત તકવા ઔર તહારત અય્યાશીમેં કરના ગારત
દામ રીયાકારીસે લેના સારી કોમકો ધોકા દેના
દુનિયા ભરકે એશ ઉડાના બીયાજ ઔર વકફકા પૈસા ખાના
મીલ્ના જુલ્ના એહલ દવલસે ઐશો તરબકે કરનાં જલસે
બેતુલ માલ પર કબજા કરના માલ સમઝકર દાદાકા
કયા પીરૂંકો યેહ ઝેબા હએ ? કયા દાવતકા યેહ મન્શા હએ ?
વલ્લા બીલ્લા હરગીઝ હરગીઝ પીરૂંકો યેહ નહિ હએ જાયેઝ
જબતક એકસો એક બસાયલ હો ન કીસી પીરમેં કામીલ
હરગીઝ વોહ મનસુસ ન હોગા દાવતસે મબસુસ ન હોગા
પાકી પેહચાન યેહ હએ દાવતકી સીઆન યેહી હએ

હાજર પીરની તપાસ.

સામાન્ય ઇસલામી આલમે ધાર્મિક ઇલ્મોમાં અતિ પ્રવીણ એવા મુજતેહદોની તકલીદ કરવાની છે. મુસલમાનોમાં અજ્ઞાનતા ફેલાતાં તેઓ મુજતેહદોથી વિમુખ થઇ પીરોને માનવા લાગી ગયા. અને પીરોએ જ્ઞાન પરંપરાની પરનાલિકા તજી વંશ પરંપરાની પરનાલિકા હાથ ધરી લીધી, તેથી અજ્ઞાન પીરોની હસ્તી થઈ. અજ્ઞાન મુરીદો અંધ શ્રદ્ધાના કારણે પીરો ઉપર પોતાના તન મન ધન વારવા લાગી ગયા અને તેથી પીરોને અસાધારણ માન તથા નાણાંની પ્રાપ્તી થવા લાગી. આ ઉપરથી પીરોએ પોતાના અજ્ઞાન મુરીદોને આડું તેડું સમજાવી એવા તો વશ કર્યા કે, તેઓ ધર્મ તથા તેની આજ્ઞાઓ ઉપર અમલ કરવાનું ભુલી ગયા અને જે છે તે પીરજ છે એમ સમજવા લાગી ગયા, પરિણામ તેઓ ઇસલામ તથા નીતિરીતિમાં તદ્દન પછાત પડી ગયા.

અમારા માનવંતા મિત્રો મી. હુદા તથા મી. વરતેજી આજકાલ નામદાર આગાખાન સાહેબને હાજર પીર જણાવવાને નીકળી પડયા છે. તેઓ જે દાવો રજુ કરવા નીકળ્યા છે, તે સાથે ઇસલામીઓ નિકટનો સબંધ ધરાવે છે, તેથી તે દાવા પ્રત્યેની તપાસ આ રીસાલામા જરૂર થવી જોઇએ, કે જેથી અંધારામાં પડેલા દાવાપર પ્રકાશ પડી અંધ શ્રદ્ધાનાં વાદળો વિખરાય જાય અને કોમી બંધુઓ સત્યાસત્યનો તોલ હક માર્ગે મેળવવાને શક્તિવાન થાય.

એ વાત તો તદ્દન ખુલ્લી છે કે, પીર મુસલમાન તો જરૂર હોવો જોઇએ. અને અમો તો માનીએ છીએ કે નામદાર આગાખાન મુસલમાનજ છે; પરંતુ જ્યારે તેમના કહેવાતા બડેખાં મુરીદો નામદાર આગાખાનને મુસલમાની માંડલાથી બહાર જણાવે ત્યારે અમો તથા બીજાને જરૂર શંકા ઉત્પન્ન થવી જોઇએ.

તા. ૩ જાન્યુઆરી સન ૧૯૧૮ ના રોજ સાંજે ૭ વાગતાં (મુંબાઇ–ગીરગામ) ના મકાનમાં મહાત્મા ગાંધીજીના પ્રમુખપણા નીચે એક સભા મળી હતી. આ સભામાં મહાત્મા ગાંધીજી ઉપરાંત રા. જી. કે. દેવધર. રા. અ. વી. ઠક્કર રા. એમ. એન. જોશી, રા. દેવળે, રા. કે. જે. ચીતળીઆ. થોડાક સ્વામી નારાયણ સંપ્રદાયના હીન્દુઓ અને મુંબાઇમાં વસ્તા ૨૦૦ મેઘવાળો હાજર હતા. મી. ઇબ્રાહીમ યુસુફ વરતેજી તથા મી અલીમામદ જાનમાહમદ ચુનારા પણ સભાનું કામ શરૂ થયા બાદ આવી પહોંચ્યા હતા. સભા મળવાનો હેતુ મુંબાઇના કેટલાક મેઘવાળો ઇમામી ઇસમાઇલી ધર્મમાં ભળવાને તૈયાર થયા છે તેમને સમજાવી તેમ કરતા અટકાવવાનો હતો

આ સભામાં થએલા કામકાજનો સંપૂર્ણ હેવાલ " હકીકતી આઇનો " નામક પુસ્તકમાં પ્રગટ થયો છે. આ સભામાં મી વરતેજી બોલ્યા કે " અમારા ધર્મનું નામ સતપંથ છે. અમે સતપંથી તરીકે ઓળખાઇએ છીએ. અમારા ધર્મમાં ને હીંદુ ધર્મમાં તફાવત નથી. અમે હીન્દુ ધર્મ છોડયો નથી અમે

અમારા ના. આગાખાનને નકલંકનો અવતાર માનીએ છીએ" આના પ્રત્યુત્તરમાં મહાત્મા ગાંધીજીએ કહ્યું કે "ઘણા ખોજાઓના પ્રસંગમાં હું આવ્યો છું. કેટલાક ખોજાઓ મારા અસીલ હતા. મારા ખોજા મિત્રના છોકરાને હું ખોજા પંથના પુસ્તકોનો અભ્યાસ કરાવતો હતો. આ બધા પ્રસંગો ઉપરથી મને જણાયું છે કે ખોજા ધર્મ એ મુસલમાની ધર્મની શાખા છે. ના. આગાખાન સાથે મારે વાતચિત થઇ છે, તે ઉપરથી મને જણાયું કે આ ધર્મ મુસલમાની ધર્મ છે. ના. આગાખાન એક વખત મુસ્લીમ લીગના પ્રમુખ હતા; એ તેમની વધારે સાબીતિ છે." (મી. વરતેજી ના. આગાખાનને તે મુસલમાન નથી તેમ જણાવે છે અને મહાત્મા ગાંધીજી તે વાતને જુઠી જણાવી ના. આગાખાનને મુસલમાન સાબીત કરે છે.)

મહાત્મા ગાંધીજીને ઉત્તર આપતાં મી. વરતેજી બોલ્યા કે "ચોથા યુગમાં જે નકલંકનો અવતાર મનાય છે તે અમારો ધર્મ છે. મુસલમાનો અમને તેમના ધર્મમાં ગણતા નથી. અમારો ધર્મ અમે ગુપ્ત રાખીએ છીએ. પાત્ર વિના કોઇને કહેતા નથી. અમારી દ્રઢ માન્યતા છે કે અમારો ધર્મ એ હીન્દુ ધર્મ છે." મહાત્મા ગાંધીજીએ જવાબમાં જણાવ્યું કે "ના. આગાખાન યુરોપ આદી દેશોમાં ભ્રમણ કરે છે ત્યાં બધા તેને મુસલમાન તરીકે સ્વીકારે છે. પોતે પણ તેમજ જણાવે છે."

ત્યાર બાદ રા. અ. વી. ઠક્કરે મી. વરતેજીને પ્રશ્ન કર્યો કે "ના. આગાખાન જેમ મુસલીમ લીગના પ્રમુખ હતા, તેમ

કોઇ હીન્દુ સમાજના પ્રમુખ નીમાયા છે?" મી. વરતેજીએ કહ્યું કે આવો પ્રશ્ન હાલના સમયે યોગ્ય લાગતો નથી." મહાત્મા ગાંધીજી બોલ્યા કે "ભાઇ અમૃતલાલ ઠક્કરે જે પ્રશ્ન કર્યો છે તે યોગ્ય છે; કારણ કે ના. આગાખાન હીન્દુ ધર્મના આચાર્ય હોત તો, કોઇ વખતે પણ હીન્દુ ધર્મની સમાજના પ્રમુખ ચુંટાતજ, પરંતુ ના. આગાખાને તો મુસલમાન ધર્મને-માન આપ્યું છે."

ઉપર પ્રમાણે જ્યારે ના. આગાખાનના ચુસ્ત મુરીદો ના. આગાખાનને મુસલમાનોના માંડલાની બહાર હોવાનું, યાને કે તેઓ મુસલમાન નથી પણ હીન્દુ છે એમ જણાવે, ત્યારે તેઓ નામદાર એક મુસલમાન પીર કે હાજર પીર હોય એમ મનાઇ શકે નહિ અને તે બાબતમાં સઘળો કસુર ના. આગાખાનના એવા મુરીદોનો છે કે જે, તે નામદારને મુસલમાનોના માંડલાની બહાર હોવાનો ડંકાની ચોટે દાવો કરે છે. મી. વરતેજી પોતાના અંધ શ્રદ્ધાના આવેશમાં પોતાના દીલનો ઇકરાર ખુલ્લી રીતે કરવાને નીકળ્યા છે જ્યારે બીજા કેટલાક તેવા ભાઇઓ પ્રયાસ કરવામાં છે. તો આવી સ્થિતિ વચ્ચે મી. વરતેજી તથા મી. હુદા પોતાનો દાવો સાબીત કરી શકતા નથી એ દેખીતુંજ છે.

સમાપ્ત.

ઓઝા પ્રાગજી ભીમજીએ છાપ્યું—રાજકોટ.

હિદાયતનાં તાજાં પુસ્તકો

હકીકતી રણશીંગડું—મી૦ વીરજી પ્રેમજી પારપીઆએ ગુલ્લાત વિચારો ફેલાવવા "કાળા તિમિર ભાષ્કર" નામે પુસ્તક છાપેલું તેનો સજ્જડ જવાબ કિંમત બાર આના.

હકીકતી આઇનો—મી૦ વરતેજીની ઝટકા તથા ફટકા નામની ઈસલામ વિરૂદ્ધના લખાણોની ચોપડીનો હજારો દલીલો સાથનો તથા તેમની રૂપરેખા દેખાડનારો સજ્જડ તથા સંખ્યાબંધ મુદ્દી દીલોને સજીવન કરનારો જવાબ કીંમત બાર આના.

આફતાબે હીદાયત—(યાને કીલ્લવાના સવાલ જવાબ) મી૦ વરતેજીએ કીલ્લવા ખાતે ત્રણ ખોજા આસામીએ એ આગા સાહેબને મગ્ઝ્ડુબી સવાલો પુછેલા, તેના ખંડનમાં હાજર ઇમામની હીદાયત નામે પોતાનાજ પગમાં કુહાડો મારનારી ચોપડી છપાવી તેનો જવાબ સતાવાર દલીલો સાથે તેમની પોલ ખોલી ખોજાઓને હિદાયતનો આફતાબ દેખાડ્યો છે. કીંમત ચાર આના

ઇમામ કેવો જોઈએ?—સાચા તથા ખોટા ઇમામોની કસોટીની દલીલો તથા તેમના રંગ ઢંગના ઠમકમાટી ભર્યા હેવાલો તથા મી૦ વરતેજીના કોણ કહે છે રાંપીનો ઘા! જેવા લખાણનો સજ્જડ જવાબ કીમત ચાર આના.

લખો—નુરે હિદાયત ઓફીસ.

અમરેલી—કાઠીઆવાડ.